R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/- - Vol No. 67 - Issue No. 6
Total : 44 Pages
September - 2023


# જ્યોતિપુંજ

Jyoti Punj





# શ્રી આચાર્યગૃહ શ્રીગોકુલનાથજીનું મંદિર

# શ્રીમદનમોહનજી મંદિર,બાલાસિનોર

## દ્વારા આયોજીત

# તા.૧૪-૧૫-૧૬ નવેમ્બર સે.૨૦૨૩ ત્રી દીવસીય

# કાર્યક્રમના મનોરથી તરીકે

**પ.ભ.સ્વ.લીલાબેન બાબુલાલ કડકીયા (લટકારી પરિવાર)**

તથા

**પ.ભ.સ્વ.કુસુમબેન નવનીતલાલ શાહ (અહોડી) પરિવાર**

તથા

**પ.ભ.શ્રીમતી રીટાબેન મીનીષકુમાર કડકીયા (લટકારી) પરિવાર**

શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર ટ્રસ્ટીગણ દ્વારા સર્વાનુમતે નક્કી કરેલ.આ મંગળ સમાયોજનમાં શ્રી ગોકુલેશ ચરણ સરણ અનુરાગી સેવક વૈષ્ણવો માટે સર્વે કંઠીધારી વૈષ્ણવ પરિવારનો સહપરીવાર પ્રસાદી લેવા માટે આગ્રહ ભરી વિનંતી છે.

| | |
|---|---|
| તા.૧૪-૧૧-૨૦૨૩ | સવારે ચા નાસ્તો (વણીકવાડી,બાલાસિનોર) |
| | બપોરે પ્રસાદી (ફગવા પાર્ટી પ્લોટ) |
| | સાંજે પ્રસાદી (ફગવા પાર્ટી પ્લોટ) |
| તા.૧૫-૧૧-૨૦૨૩ | સવારે ચા નાસ્તો (વણીકવાડી,બાલાસિનોર) |
| | બપોરે પ્રસાદી (ફગવા પાર્ટી પ્લોટ) |
| | સાંજે પ્રસાદી (ફગવા પાર્ટી પ્લોટ) |
| તા.૧૬-૧૧-૨૦૨૩ | સવારે ચા નાસ્તો (વણીકવાડી,બાલાસિનોર) |
| | સાંજે પ્રસાદી (ફગવા પાર્ટી પ્લોટ) |

**- : પ્રસાદી પાસ લેવા માટેના સ્થળો :-**

કિર્તિભાઈ કડકીયા
પ્રગતિ સમાજ
લુહારચાલ,બાબુગેનુ રોડ,
મુંબઈ
M.9821029270
તા.૩-૧૦-૨૦૨૩ થી તા.૨૮-૧૦-૨૦૨૩
સમય : બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦

એ.કે.એન્ટરપ્રાઈઝ
બી.એમ.બ્રધર્સ-
122,નારાયણ ધ્રુવ સ્ટ્રીટ,મુંબઈ
Mayur Shah Mo.70213 39937
Ashvin Dharia Mo.9819903457
તા.૩-૧૦-૨૦૨૩ થી તા.૮-૧૦-૨૦૨૩
સમય : બપોરે ૨-૦૦ થી ૫-૦૦

મયુરભાઈ શાહ
૧૬-બી/૧, શ્રી બલવંત હાઉસીંગ સો.લી.
ગ્રાઉન્ડ ફ્લોર,ગોવિંદ નગર,
બોરીવલ્લી વેસ્ટ-મુંબઈ
M.9869767142, 7021339937
તા.૩-૧૦-૨૦૨૩ થી તા.૨૮-૧૦-૨૦૨૩
સમય : બપોરે ૪-૦૦ થી ૭-૦૦

**ઉપરોક્ત તમામ વ્યવસ્થા શ્રી મદનમોહનજી મંદિર,ટ્રસ્ટ તરફથી રાખવામાં આવેલ છે.**

legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTORE STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | $DX^3$ MCB |
| MYLINC™ | $LCS^2$ |
| BRITZY | DLP |
| $RX^3$ MCB-RCCB | EKINOXE™ DB |
| $DPX^3$ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail :matchwellelectric@gmail.com / finenatch@hotmail.com

DISPLAY/GODOWN : GR.FLR, HALAI BHATIA MAHAJAN WADI,KALBDEVI MAIN ROAD ,MUMBAI – 400 002
PHONE : 022-46051141 / Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644)
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 932033133)

*Authorised Distributors Stockist :*

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip® PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૭ | ૬ | ૨૧-૦૯-૨૦૨૩ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)**

**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ**

**નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ**

**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ● ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

❖❖❖

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

❖❖❖

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

❖❖❖

Visit us at www.balasinor.org


# શિક્ષક બનતો નથી, પરંતુ પ્રભુ તેને પસંદ કરે છે

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

બાઈબલના ગ્રંથમાં શિક્ષક માટે કહે છે,‘ તું માતાનાં ગર્ભમાં હતો ત્યારથી મેં તને આ કામ માટે પસંદ કર્યો છે. તારે નવસર્જન કરવાનું છે.’

સમગ્ર ભારતવર્ષમાં શ્રેષ્ઠ ગુરુજનો-શિષ્યો ના ઉદાહરણ એટલે કૌટિલ્ય અને ચંદ્રગુપ્ત, ગુરુ દ્રોણ તેમના શિષ્ય કૃષ્ણ, સુદામા, સ્વામી રામદાસ અને શિવાજી, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ. પહેલાનાં જમાનમાં ‘गुरु देवो भव । आचार्य देवो भव ।’ એવી પંક્તિઓ ગુરુના સન્માનમાં બોલાતી હતી. ગુરુનું સ્થાન સમાજમાં ઘણું ઊંચુ અંકાતુ હતું. આજના જમાનાના ગુરુને શિક્ષક કહેવામાં આવે છે. શિક્ષકની ફરજ એ પવિત્ર ફરજ છે. શિક્ષકનો નાતો સેવા સાથે છે.

જે રીતે કુંભાર પોતાની કાળજી અને આવડતથી સુંદર આકારનો કુંભ ઘડે છે, તેવી જ રીતે શિક્ષક પણ પોતાના વિદ્યાર્થીઓને પોતાની રીતે ઘડે છે. તે વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર અને ચણતર કરે છે. પાયાનું શિક્ષણ આપે છે જેથી ઈમારત મજબૂત બને, સારા સંસ્કારો આપે છે. અશક્યને શક્ય કરે તે શિક્ષક. જે અંધકારમાં પ્રકાશના કિરણો ફેલાવે તે શિક્ષક.

શિક્ષક એટલે શિસ્ત, ક્ષમા અને કરુણાની મૂર્તિ. તે નિયમિત, પ્રામાણિક, સદ્ગુણી અને આદર્શવાદી હશે તો બાળકો આપોઆપ શિસ્તવાન થશે. ક્ષમા એ વીરનું ભૂષણ છે, શિક્ષકનું આભૂષણ છે. શિક્ષકે ક્ષમા માટેની તક આપી પ્રાયશ્ચિત માટેનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. કરુણા એ શિક્ષકનું જરૂરી લક્ષણ છે અન્યના કલ્યાણ માટે કશુંક કરવા પ્રેરે તે કરુણા. શિક્ષક એટલે પ્રેમ, પ્રસન્નતા અને પ્રકૃતિનો પૂજક. શિક્ષકનો પ્રેમ નિર્મળ, પવિત્ર અને હૂંફાળો હોવો જોઈએ. પ્રસન્ન વદને

II Shree Ganeshay Namah II

**Dipesh Desai : 9821115849**
**8850333537**

**SERVING SINCE 1989**

**Harsh Desai : 7977911412**
**9819158669**

# TRADE LINK

**Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | ATCAB | COMPAQ**
**Stockiest : ABB & Siemens**

**AJMERA**
Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears.

**HENSEL**
**PASSION FOR POWER**
Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands.

**walther**
Plug & Sockets, Interlock Switch Socket.

**HPL**
Onload Changeover Switch, ATS, MCCB, Contactors, ACB, Switch Disconnector Fuse.

**ATCAB®**
IP 68 Brass Cable Glands (PG, Metric, Single/double Compression)

**ABB**
MCB (10KA), RCCB, Isolator & Distribution Board.

**SIEMENS**
MCB (6KA), RCCB, Isolator & Distribution Board.

**COMPAQ**
CONNECTING POWER
Cable Jointing Kit & Termination Kit.

**Sales Office:** 209, 2nd Floor, Bulakhidas Building, Vithaldas Lane, Lohar Chawl, Mumbai - 400002.
**H.O. :** 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 6933 3231 • **E-mail :** tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

વર્ગમાં પ્રવેશનાર શિક્ષક વર્ગનું વાતાવરણ બદલી નાખે છે. શિક્ષક પ્રકૃતિનો પૂજારી હોવો જોઈએ.

સાચા અર્થમાં પ્રકૃતિ એક મહાન શિક્ષક છે. શિક્ષકમાં પ્રકૃતિ પ્રેમ હશે તો તે બાળકોને પ્રકૃતિની નજીક લઈ જશે. નદીનું સંગીત, પર્વતના પડઘા, વૃક્ષની વાતો, સમુદ્રનું સંગીત સાંભળવાની શિક્ષકમાં શ્રવણશક્તિ હોવી જોઈએ. એક શિક્ષકના જ્ઞાનથી અજ્ઞાન, અંધશ્રદ્ધા, અણસમજ, કુટેવ દૂર થાય છે અને સમજદારી, સંપ, સહકાર, શાંતિ અને નવા નવા દ્રષ્ટિકોણ વિદ્યાર્થીમાં ખીલતા જાય છે.

'ગુરુ તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છે. ગુરુ મારા ગંગા રે, ગુરુ મારા ગોમતી રે, ગુરુ મારા પારસમણી તોલ રે'. આધ્યાત્મિક ક્ષેત્રે ગુરુનું સ્થાન પૂજનીય છે, વંદનીય છે. સ્વામી વિવેકાનંદ કહે છે,'શિક્ષક શાસ્ત્રોને જાણનારો, નિસ્વાર્થ હોવો જોઈએ. ત્રિવીધ તાપને ટાળે એ શિક્ષક. વિનયશીલ, ચારિત્ર્યવાન શિક્ષક, સ્નેહ, કુનેહ, નિષ્ઠાપૂર્વક વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડતર કરે છે.

પૂજ્ય વિનોબાજીએ શિક્ષકના ત્રણ ગુણ બતાવ્યા છે. (૧) બાળકો ઉપર પુષ્કળ પ્રેમ (૨) વિષયની પકડ (૩) રાજકારણથી પર. પૂજ્ય દાદા ધર્માધિકારીએ પ્રેમ માટે કદર, આદર અને કાળજી એવી ત્રણ શરતો મૂકી છે. બાળકોમાં શુદ્ધ ભાવ રાખનાર શિક્ષક જ સાચી રીતે બાળકનો ચાહી શકે. ભારતના ભાવિ નાગરિકો વર્ગોમાં બેસે છે તેથી જ શિક્ષકો અને શાળાઓ સારા હશે તો બાળકોને સારા સંસ્કાર મળશે. તેમનો સર્વાંગી વિકાસ થશે. જે દેશને વધારે ઉપયોગી બનશે. પાંચ સપ્ટેમ્બરે સૌ દેશ શિક્ષકદિન ઉજવે છે.

વિશ્વ શિક્ષક સ્વ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનન્નો જન્મ દિવસ એટલે પાંચ સપ્ટેમ્બર. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનન્ના જન્મ દિવસે જ શિક્ષકદિન ઉજવવામાં આવે છે. તેમનો જન્મ ૫ મી સપ્ટેમ્બર, ૧૮૮૮ ના રોજ મદ્રાસમાં થયો હતો. તેઓ ભારતના પ્રખર તત્વજ્ઞાની, ચિંતક, વિચારક અને







V.B.R. ELECT. & ENGG. CO.
Ground Floor Inside, 27/33, Ismail Building, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400002
Tel.: 2208 7739 • TF : *7724 • Mob. : 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com
AUTHORISED DISTRIBUTORS
Use 'APAR ANUSHAKTI' E-BEAM enriched PREMIUM House Wire to avoid FIRE, Heat Resistance upto 105°C temperature.
APAR
Tomorrow's solutions today
FSAI
Fire & Security Association of India
L&T Electrical & Automation
enGem
entice
englaze
ORIS
WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.
VTPN DB
TPN Double Door
MCB
MCB
RCBO
RCCB
TATA POWER EZ HOME AUTOMATION
WARRANTY : 2 YEARS
5A SWITCH
CONTROLS 2 ELECTRICAL POINTS
16A SWITCH
CONTROLS 1 HIGH LOAD ELECTRICAL POINT
FAN SWITCH & REGULATOR
CONTROLS 1 FAN
PIR MOTION SENSOR
SMART PLUG
CONTROLS APPLIANCES
3 GANG 2 WAY 16A CONVERTOR
CONVERTS 3 CONVENTIONAL SWITCHES TO SMART SWITCHES
KEW
SWITCHGEARS
Upto 200 Amps
Switch Fuse
Upto 600 Amps
Fuse Switch
Upto 1000 Amps
Busbar Chamber
Upto 3150 Amps
Onload Changeover
Upto 630 Amps
ATS

આજીવન શિક્ષક હતા. રાધાકૃષ્ણનૂનએ પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં, માધ્યમિક શિક્ષક તિરૂપતીમાં અને ઉચ્ચ શિક્ષણ મદ્રાસમાં ક્રિશ્નન કોલેજમાંથી મેળવ્યું હતું. તેઓ ભણવામાં ખૂબ તેજસ્વી હતા. તેમણે ભારતના દર્શન શાસ્ત્રમાં એમ.એ. કર્યું હતું. તેમણે મનોવિજ્ઞાનનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે દેશ-વિદેશમાં અનેક વ્યાખ્યાનો આપ્યાં હતાં. મહાવિદ્યાલયમાં પ્રાધ્યાપક બન્યા. પછી આંધ્રપ્રદેશ અને બનારસ યુનિવર્સિટીમાં ઉપકુલપતિ થયા. તેમણે રશિયામાં ભારત વતી રાજદૂત તરીકે પણ સેવા આપી હતી. ત્યારબાદ સ્વંતત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા.

તેઓ મહાત્મા ગાંધીજી અને રવિન્દ્રનાથ ટાગોરના જીવનપર્યંત શિષ્ય બન્યા હતા.

તેમણે લખેલા પુસ્તકોમાં ઉત્તમ પુસ્તક એટલે ભારતીય દર્શન, વેદાંત નીતિશાસ્ત્ર, રવિન્દ્રનાથનું દર્શન. તેમના વ્યાખ્યાન સાંભળતા સૌ મંત્રમુગ્ધ બની જતા.

ઈ.સ. ૧૯૭૧માં ભારત સરકારે તેમને 'ભારત રત્ન' જેનો સર્વોચ્ચ પુરસ્કાર એનાયત કર્યો હતો. તેમને વિદેશમાંથી ૪૦,૦૦૦ પાઉન્ડનું 'ટેમ્પલટન પારિતોષિક' મળ્યું હતું. આ પુરસ્કાર મેળવનાર તેઓ દુનિયાના પ્રથમ બિનખિસ્ત્રી ઉમેદવાર હતા. તેઓ ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મોંઘેરી પ્રતિષ્ઠા મેળનાર ભારતીય નવરત્ન અને વિલક્ષણ તત્વજ્ઞાની, માનવતાવાદી રાજપુરુષ હતા. સમગ્ર ભારતને આવા શિક્ષકો માટે હંમેશા ગર્વ રહેશે.

શિક્ષકોના વાણી, વર્તન અને વ્યવહારથી વિદ્યાર્થીઓના જીવનમાં ખૂબ અસર પડે છે. શિક્ષકે આવતીકાલના નાગરિકો ઘડવાના છે. આ મહાન જવાબદારી નિભાવવાની છે. શિક્ષક બનતો નથી, પરંતુ પ્રભુ તેને પસંદ કરે છે.

***

**-: ગ્રુપ ગેઈમ :- ટ્રિકી – એરો પાના નંબર –૩૨**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

### ગિરિ પૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતીની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ, સંપૂર્ણ વિગતો ભરીને વાલીની સહીં લઈ ઓફિસમાં તા. ૦૩.૧૦.૨૦૨૩ થી ૧૬.૧૦.૨૦૨૩ દરમિયાન આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશો તેવી આશા.

**ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ :**

(૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશન સામે, મુંબઈ-૪
**સમય : સોમવાર થી શનિવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક**

(૨) **સમીર જયેન્દ્ર ગાંધી :** નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧ લે માળે, અજમેરા હાઉસ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨.

ફોર્મ સાથે માર્કશીટની ઝેરોક્ષ અને ફી ની રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી – અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક – દિપક નવનીતલાલ શાહ**

**સીમા મહેતા**
૯૪૨૮૧૫૩૩૦૭

**નીરાલી મહેતા**
૯૪૦૮૪૯૬૮૭૮

**કમલનયન મહેતા**
૯૮૨૫૬૬૦૦૧૦

**બ્રિજેશ મહેતા**
૯૭૧૪૬૮૬૮૭૮

ShivSpi®

# શ્રી શંકર

## મસાલા




- સેલમ હળદર પાવડર
- કાશ્મીરી કુમ્ઠી મરચુ પાવડર
- કુશ્ણ હીંગ
- શંકર કેરી નુ અથાણુ
- ધાણા પાવડર
- ધાણા જીરૂ પાવડર
- કાતરી
- શંકર છુંદો
- સ્ટ્રોંગ હિંગ
- ગરમ મસાલા
- વેફર
- શંકર ગળ્યુ અથાણુ
- ખાટો સાંભાર મસાલા
- ગળ્યો સાંભાર મસાલા
- આંબોડીયા
- શંકર લિંબુ નુ અથાણુ

## હિર એન્ટરપ્રાઈઝ

આજે જ ઘર બેઠા ઓર્ડર કરો સિઝન ના દરેક જાત ના મસાલા અને ઘર વપરાશ ની જરૂરીયાત વગેરે
(હોમ ડિલવરી ૩૦ રૂ/- કિલો કુરીયર ચાર્જ એક્સ્ટ્રા)

## અમુલ પાર્લર

અમુલ ની દરેક પ્રોડક્ટ આઇસ્ક્રિમ-ડેરી પ્રોડક્ટ દૂધ, દહીં, છાશ ઠંડાપીણા,
પાર્ટી ઓર્ડર, પ્રોવિઝન આઈટમ, વગેરે.

સરનામુ :- રોકડીયાશેરી, શ્રી ગોકુલનાથજી મદીર પાસે, જી. મહીસાગર
(ગુજરાત) બાલાસિનોર - ૩૮૮૨૫૫

Email : Kamalmehta577@gmail.com

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને

## શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત

### ઉપનગર વિભાગ

### સહદાતા (૨૦૨૩-૨૦૨૪)

## શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)

**આપ સર્વેને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪ના આખા વર્ષ દરમ્યાનના તમામ કાર્યક્રમના સહદાતા તરફથી સંસ્થાને રૂા. ૧,૧૧,૧૧૧/- નું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

**મંત્રી** — **અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**પ્રમુખ** — **સમીર જયેન્દ્ર ગાંધી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી શાંતાબેન શાંતિલાલ શાહ (ચોકસી) પુરસ્કૃત

## વાર્ષિક શૈક્ષણિક પારિતોષિક યોજના વર્ષ ૨૦૨૨ -૨૦૨૩

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં વર્ષ ૨૦૨૨-૨૦૩ માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને પારિતોષિક આપવામાં આવે છે.

જેમાં કે.જી., ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.Com., B.A, B.ED, C.A., LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોને પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને તા. ૩૦-૧૦-૨૦૨૩ સુધીમાં **શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ - ૯૮૨૧૧૧૦૭૪૭, શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ - ૯૮૧૯૧૮૩૩૭૯** નો સંપર્ક કરવો

ઈનામ વિતરણની વિગત જ્યોતિપુંજના માધ્યમ દ્વારા જણાવવામાં આવશે.

**મંત્રી** — **અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક** — **ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ**

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO



BRASS CABLE GLANDS



LUGS AND TOOLS

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર
## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત આઠમા વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય મુંબઈમાં વસતા કુટુંબોને તારીખ ૨૪-૧૦-૨૦૨૩ થી તા. ૦૪-૧૧-૨૦૨૩ સુધી **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** કાર્યાલય ખાતેથી નીચે જણાવેલ સમય દરમ્યાન સહાય આપવામાં આવશે.

બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય આપવામાં આવશે. બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને મણિકાંતભાઈ કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશન સામે, મુંબઈ - ૪૦૦ ૦૪**

**સમય : સોમવાર થી શનિવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક**

**મંત્રી – અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક : અજય પ્રવિણચંદ્ર દોશી (૯૮૧૯૩૪૨૮૫૬)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## હોસ્પિટલ સહાય યોજના – સ્વાસ્થ્ય યોજના

- **શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી** – **સ્વાસ્થ્ય યોજના**
- **શ્રીમતી તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ** – **હોસ્પિટલ સહાય યોજના**
- **શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (આર.આર.)** – **કેન્સર ટ્રીટમેન્ટ**
- **ઉજસ અનીષ ગાંધી** – **બાય-પાસ સર્જરી ટ્રીટમેન્ટ**
- **શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ** – **કીડની ડાયાલીસીસ ટ્રીટમેન્ટ**
- **શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ)** – **ઓર્થોપેડીક સર્જરી ટ્રીટમેન્ટ**
- **શ્રી રમેશચંદ્ર કાંતિલાલ કડકીઆ તથા શ્રીમતી અરૂણાબેન રમેશચંદ્ર કડકીઆ (ધરીવાળા)** – **ઓપ્થેલ્મોલોજી ટ્રીટમેન્ટ**
- **શ્રીમતી દિપીકાબેન પંકજભાઈ ધારીઆ (લાલખા)** – **મેડિકલ ટ્રીટમેન્ટ ફોર વીમેન અને ચિલ્ડ્રન**

### અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૨૩-૨૦૨૪) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોએ નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલાવવા.

**મનોજ રસીકલાલ પરીખ :** મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૩

**ફોન : ૨૩૪૨૮૭૮૫ (મો.) ૯૮૨૦૪૩૯૧૩૪**

**મંત્રી – અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** **સંયોજક : મનોજ રસિકલાલ પરીખ**

# Mediclaim

## Cashless - Policy

**Entry Age Till 75 Yrs**

**No Medical Test Required**

**Special Plan for**

- ★ Diabetes Patients
- ★ Cancer Patients
- ★ Heart Patients
- ★ Senior Citizen
- ★ Family Floater

**Hardik Nalin Suthar**

**Call - 8655886011 / 9769454999**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને
# શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત
# ઉપનગર વિભાગ

**સહદાતા (૨૦૨૩ - ૨૦૨૪) તથા મુખ્ય મહેમાન**

**શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)**

**હસ્તે શ્રીમતી મોના નિલેશ શાહ અને શ્રીમતી કિંજલ મયુર શાહ**



# દાંડિયા રાસ



**રવિવાર, તા. ૫-૧૧-૨૦૨૩, સમય સાંજે ૫.૩૦ કલાક.**

**સ્થળ : શ્યામ સત્સંગ ભવન, આદર્શ નગર, શ્રવણ નગર, ગૌરવ હાઈટ્સની સામેની ગલી, કાંદિવલી (વેસ્ટ), મેટ્રો સ્ટેશન, ન્યૂ લિંક રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.**

**નોંધ : ગાડી તથા સ્કૂટરનું પાર્કિંગ હોલના કમ્પાઉન્ડમાં મળશે.**

**દાંડિયા રાસ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડીને રમાડવામાં આવશે.**

આ સાથે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) હસ્તે શ્રી રાજુભાઈ મણિલાલ શાહ પુરસ્કૃત પારિતોષિક વિતરણ યોજના હેઠળ ઉપનગર વિભાગમાં રહેતા વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને પારિતોષિક આપવામાં આવશે. જેમાં નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯ ની પરીક્ષાનો સમાવેશ થાય છે. આ પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પૂરું નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને તા. ૧૫-૧૦-૨૦૨૩ સુધીમાં નીચે જણાવેલ મુજબ સભ્યોનો સંપર્ક કરવો અને માર્કશીટ મોકલી આપવા વિનંતી. બાકી વધુ માહિતી આવતા અંકમાં આપવામાં આવશે.

१) મયુર રજનીકાંત શાહ (ઠાસરાવાળા) — ૯૮૬૯૭૬૭૧૪૨


૨) સન્ની સંજય ગાંધી — ૯૯૩૦૮૪૭૬૩૦

૩) અજય પ્રવિણચંદ્ર દોશી — ૯૮૧૯૩૪૨૮૫૯

૪) મનોજ રસીકલાલ પરીખ — ૯૮૨૦૪૩૯૧૩૪

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**મયુર રજનીકાંત શાહ (ઠાસરાવાળા)**


KIRLOSKAR GREEN
IMPALA
Sintex
penta
HONDA
Captain
PREMIUM
Falcon
Einhell
SHAKTI
ESPA
BOSCH
HAVELLS
Rolls Wolf
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી તથા
શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત

# મહિલા વિભાગ

## ભક્તિ અધિક સાથે શ્રી યમુનાજીનો ચુંદડી મનોરથના કાર્યક્રમનો અહેવાલ

શનિવાર, તા. ૫-૮-૨૦૨૩ ના બપોરે ૨.૩૦ કલાકે, શારદા મંદિર સ્કુલ, લોઢા હોલ ખાતે તુષાર ત્રિવેદી તથા તેમના સાથી કલાકાર સાથે શ્રી યમુનાજીનો ચુંદડી મનોરથના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સંયોજક મનિષા કડકીઆએ ઉપસ્થિત કાયમી દાતા, આ વર્ષના સહદાતા, આ પ્રોગ્રામના ગિફ્ટ સ્પોનસરર, એક્સ કન્વીનર તથા ઉપસ્થિત સર્વે બહેનોનું અભિવાદન કર્યું હતું. મનીષા કડકીઆએ સહદાતા નીતાબેનનું અને આ પ્રોગ્રામના ગિફ્ટ સ્પોનસરર ગં.સ્વ. હસુમતીબેનનું ચોકલેટ હેમ્પર આપી અભિવાદન કર્યું હતું. કમીટી મેમ્બર નિતલ પરીખના સંચાલનમાં કમીટી બહેનો રચના અને તેજશ્રીએ તુષાર ત્રિવેદી તથા રાધાકૃષ્ણના કોરિઓગ્રાફર બિજલબેન ટેલરનું ચોકલેટ હેમ્પર આપી અભિવાદન કર્યું હતું. એન્કર સુનીલભાઈ સોનીએ કાર્યક્રમના સંચાલન દરમ્યાન કૃષ્ણના જીવનના અલગ અલગ પ્રસંગોનું વર્ણન કરીને વાતાવરણને કૃષ્ણમય બનાવી દીધુ હતું.

કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના સહદાતા શ્રીમતી નિતાબેન પ્રકાશભાઈ ધારીઆ તથા શ્રીમતી અરૂણા તેજસ ધારીઆ તથા માનસી અંકિત ધારીઆ અને તેમના કુટુંબીજનો તથા કમીટી બહેનોના સંગાથે શ્રી યમુનાષ્ટક પાઠ કર્યા પછી શ્રી યમુનાજીના ચુંદડી મનોરથથી થઈ હતી. આમાં ૫૧ ચુંદડી મા યમુનાજીને ધરાવાઈ હતી. મહિલા વિભાગની કમીટી બહેનોએ ખુબ જ સરસ રીતે યમુનાજીના મનોરથનું ડેકોરેશન કર્યું હતું અને તેમના દ્વારા જ બનાવેલી સામગ્રી ધરી હતી. જે છેલ્લે બધા સભ્યોએ પ્રસાદીરૂપે આરોગી હતી. ચુંદડી મનોરથ થઈ ગયા પછી તુષારભાઈ તથા તેમના સાથી કલાકારો દ્વારા આખા પ્રોગ્રામમાં સુંદર કૃષ્ણ અને શ્રીનાથજીના ભજન ગાઈ આખા હોલમાં ભક્તિમય વાતાવરણ ઉભુ કર્યું હતું અને મહિલા વિભાગની સર્વે બહેનોએ અમને ખુબ જ સાથ અને સહકાર આપી તન્મય થઈ પ્રોગ્રામને અનુરૂપ ડાન્સ, ગરબા કરી પ્રોગ્રામને ખુબ જ સફળ બનાવ્યો હતો. રાધા-કૃષ્ણ બનેલા કલાકારોએ પણ સુંદર નૃત્ય કરીને શ્રોતાગણને ભક્તિરસમાં તરબોળ કરી દિધા હતા.

મહિલા વિભાગ આ વર્ષના સહદાતા શ્રીમતી નિતાબેન પ્રકાશ ધારીઆનું તથા ગિફ્ટના સ્પોન્સરર ગં. સ્વ. હસુમતીબેન વિનોદચંદ્ર શાહનું અને મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા બદલ દરેક મહિલા વિભાગની બહેનોનું મહિલા વિભાગ હૃદયપુર્વક આભાર માને છે. અંતે બધી બહેનોને નાસ્તાનું બોક્ષ તથા ગીફ્ટ આપવામાં આવી હતી.

**મંત્રી** — **અલ્પેશ ધારીઆ**

**સંયોજક** — **મનીષા નિલેશ કડકીઆ**

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

# norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

## DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

## SENTINEL ELECTRIC CO.

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન

૧. શ્રીમતી કોકિલાબેન રસિકલાલ મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-

ઉપરોક્ત દાતાનો સંઘ આભાર માને છે.

મંત્રી – અલ્પેશ ધારીઆ પ્રમુખ – સમીર ગાંધી

## મુંબઈવાસીઓ માટે લાલબત્તી

આમ તો ચોમાસાની ઋતુ છે પણ ઉનાળો-ચોમાસુ સાથે હોય તેવો સંધિકાળ મુંબઈમાં પ્રવર્તી રહ્યો છે. આટલી ખરાબ મોસમ અનેક આફતો લઈને આવી છે. અનેક લોકો, અનેક વિધ રોગોના હુમલાથી ત્રસ્ત છે. સર્વત્ર ઉપદ્રવો વધી જવાથી ડેન્ગ્યુ, મેલેરીયા, સ્વાઈન ફ્લુ, શરદી, કફ, ઉધરસ, છૂટા છવાયા અનેક બીજા રોગોના હુમલાથી મુંબઈગરો ત્રાહીમામ પોકારી ગયો છે. ડૉક્ટરો ઓવરટાઈમ કરીને દર્દીઓને સાચવી રહ્યા છે.

દરેક જણે જાગ્રત બની જવાની જરૂર છે. પહેલું સુખ તે જાતે નર્યા. તંદુરસ્ત-સ્વસ્થ રહેવા માટે આપણું પાચન તંત્ર અને શ્વસન તંત્ર સ્વસ્થ હોવા જરૂરી છે. રોજની દિનચર્યા માં દરેક જણે પોતાની જાતની કાળજી રાખવા ઓછામાં ઓછો એક કલાક આપવો જ જોઈએ. શરીરને સ્વસ્થ રાખવા કંઈપણ કરો જેમ કે વોકિંગ, જોગીંગ, સાઈકલીંગ, સ્વીમીંગ, જીમમાં જવું, કસરતો કરવી, યોગાસન કરવા. બીજું કંઈ ન આવડે તો આપણે સ્કૂલમાં પી.ટી. માં જે દસ દાવ કરતા હતા તે યાદ કરીને નિત્ય નિયમીત કરવા. કંઈપણ કરો નિયમીત કરો.

આંગણામાં તુલસી ક્યારો રાખવો. જેથી વાતાવરણમાં શુદ્ધ પવિત્ર હવા વહ્યાં કરે. આસોપાલવ - ગલગોટાના તોરણો બાંધો જે જીવાણું - વિષાણુને ઘરમાં પ્રવેશતાં અટકાવે છે. કપૂરનો ઉપયોગ અલગ અલગ રીતે કરો. કપૂર સૂંઘો, ઘર મંદિરમાં કપૂરની આરતી ઉતારો. સાવધાનીપૂર્વક એક ખૂણામાં કપૂરની ત્રણ ચાર ગોળી પાત્રમાં રાખી સળગાવો.

આ ઋતુમાં તુલસીના ઉકાળા, તુલસી, ફુદીનો, આદુ તથા મસાલાવાળી ચ્હા રોજ પીઓ. એકાંતરે નાઝ (વરાળ) લેવાનું રાખો. ઘર અને આંગણા ચોખ્ખા રાખો. ઘરમાં, કુંડામાં, આંગણામાં અન્ય વસ્તુઓમાં ચોખ્ખું પાણી એકત્રિત થઈ જતું હોય તેનો નિકાલ કરવો કારણ ડેન્ગ્યુના મચ્છર માટે તે પ્રિય સ્થળ છે.

બહેનોએ રસોઈમાં ખાસ છૂટથી નીચે મુજબની વસ્તુઓનો ઉપયોગ કરવો. જેમ કે તજ, લવિંગ, એલચી, એલચા, સૂંઠ, હળદર, હિંગ (જોઈતા પ્રમાણમાં), મેથી, તલ, આદુ, લીમડો, તમાલપત્ર, અજમો, જીરુ, મરી, લીંબુ, મધ, કેસર વગેરે. સરગવાની શીંગ, કાંદા, લસણ, સૂરણ, ડ્રેગન ફ્રુટ, બ્રોકોલીનો ઉપયોગ પણ રાખવો. નાચણી, બાજરી, જુવાર, રાજગરો, શિંગોડાનો લોટ, સામો (મોરિયો) અવાર નવાર ઉપયોગમાં લેવા. સુકામેવા, ફળફળાદી આરોગવા તથા તેના વ્યંજનો ખાવા. ઘરે જ જમવાનો આગ્રહ રાખવો. **(નોંધ : દરેકે પોતાની પ્રકૃતિ અનુસાર ખોરાક લેવો).**

બાળકોમાં નાની ઉંમરથી જ શરીરને કેમ કસાયેલું - મજબૂત રાખવું, મનને કેવી રીતે સ્વસ્થ રાખવું તે માટેની કસરતો, યોગાસનો, પ્રાણાયામ, રમતો, મનોરંજન કાર્યક્રમો, વસ્તુઓ દૈનિક ધોરણે શીખવવી, તેની આદત પાડવી, સંસ્કારમાં વણી લેવું.

**આપ સર્વે તંદુરસ્ત - સ્વસ્થ રહો તેવી હાર્દિક શુભેચ્છા.**

તંત્રી - બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

# SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 **Lohar Chawl Talk Free Extension – *743**

## Authorized Stockists:

# MERSEN

*Expertise, our source of energy*



Solar PV Fuse Time Delay Fuse Midget Fast-Acting Fuse UltraSafe™FuseHolder



Protistor fuse (all sizes) BS Semiconductor fuse Semiconductor SPDs

# D-Link®

Building Networks for People



# શક્તિ – ઉપાસના એટલે નવરાત્રીના દિવસો

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

આપણા ભારત દેશ પાસે સંસ્કૃતિની એક મહાન, ભવ્ય, દિવ્ય ઈમારત છે. ચિંતનનો પરંપરા રૂપી અણમોલ વારસો છે. અલૌકિક દ્રષ્ટિ છે. ધરતી માતાને : મા માંગલ્યના ભાવથી પૂજાય છે. ડૂબતાને ઉગારવાની સાંસ્કૃતિક આસ્થા છે. નિરાશાની ગર્તામાં ધકેલાયેલાને ઉત્સાહિત કરી શકવાની હૃદય ભાવના છે. સંસ્કૃતિ શબ્દનો અર્થ એટલે સમ્યક કૃતિ. ઈશ્વર તત્વનું સૌથી ઉત્તમ સર્જન. ઈંગ્લિશ ભાષા 'સંસ્કૃતિ' શબ્દનાં અર્થને બે અલગ વાખ્યાથી સમજાવે છે. સંસ્કૃતિ એટલે એક તો 'સીવીલાઈઝેશન' અને બીજો શબ્દ વપરાય છે 'કલ્ચર'. 'સીવીલાઈઝેશન' એટલો આપણા 'સામાજીક' વિકાસની પ્રગતિ અને 'કલ્ચર' એટલે 'જીવન શૈલી; જીવાતા જીવનની રીત'. આપણાં ઉત્સવ એટલે આપણાં હૃદયનાં ભાવને તેમજ શાસ્ત્રીય સમજણનાં ભાવનાં વહેણને છલકાવવાની વૃત્તિ. કવિ ન્હાનાલાલે સરસ કવિતા લખી છે. તેઓ આપણા ભારતદેશને ઉદ્‌બોધીને લખે છે, 'ભારત દેશનાં વિજયટંકાર રક્તરંગી નથી, દેહનાં નહિં પણ દૈવી છે.' આત્માની પરમ શાંતિની છે. જડતાનાં નથી ચેતનાના છે. અવનીનાં આધ્યાત્મિક ઉધ્ધારને અર્થે જન્માવી છે ભારતમાતા ને. જગન્નનાથે જીવતી રાખે છે અને હંમેશા જીવતી રહેશે. 'સત્યમેવ જયતે નાનૃતમ'. આધુનિક કાળમાં વિજ્ઞાન ને અતિરિક ધ્યાન અપાયું છે, પરંતુ પૃથ્વી પરનાં માનવને કોણ સમજાવી શકે. વિજ્ઞાનની શોધખોળો એ નહિં પરંતુ રાષ્ટ્રની સંસ્કૃતિક પરંપરા રાષ્ટ્રને સજીવન રાખે છે અને માનવને ઉત્તમ જીવનની પ્રેરણા આપે છે. આસો માસનાં શુકલ પક્ષમાં આવતા નવરાત્રીનાં દિવસો એટલે શક્તિ ઉપાસના ના દિવસો. શક્તિ ઉપાસના માટે ખૂબ જ શ્રદ્ધા ધરાવતો શાસ્ત્રીય શ્લોક છે,'યા દેવી સર્વ ભૂતેષુ મા શક્તિ રુપેણ સંસ્થિતા. નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ' અર્થાત માનવ જાતે આ ધરતી પર સામર્થ્ય અને સક્ષમતાથી જીવવાનું છે અને તેથી જ શક્તિ ઉપાસનાનાં દિવસોનાં મહત્વને સમજાવાયા છે.



દૈવી વિચારોથી ચરિત્રને ટકાવી રાખવા તેમજ દૈવી આચરણનું રક્ષણ કરવા સામર્થ્યની આવશ્યકતા હોય છે. શાસ્ત્ર જ્ઞાન કહે છે,' જે ક્ષણો આપણી શક્તિ ઉપાસના શિથિલ થાય છે, તે ક્ષણો આસુરી વૃત્તિ હુમલો કરે છે. આ સનાનત સત્યની અવગણના કરવાનું આપણને પાલવે એમ નથી. તેથી શક્તિ ઉપાસનાનાં દિવસો શાસ્ત્રમાં ગોઠવાયા છે.

રાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરા ઋષિઓ તેમજ સંતો દ્વારા થયેલું દિર્ગદર્શન રાષ્ટ્રને સજીવન રાખે છે અને માનવને ઉચ્ચતમ જીવનની પ્રેરણા આપે છે. અર્થાત માનવજાતે આ ધરતી પર સામર્થ્ય અને સક્ષમતાથી જીવવાનું છે અને તેથી જ આ શક્તિ ઉપાસનાનાં દિવસો એટલે નવરાત્રીનાં દિવસો. મા જગદંબા-જગદ્‌જનની ની ઉપાસના કરતા મા ને સામર્થ્ય માટેની પ્રાર્થના કરી. શક્તિ ઉપાસના કરવી એટલે નવ

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL
DIGILINK
APC by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

દિવસો. આપણા ભાવાત્મક ગુણો વગરનાં સ્વભાવ તેમજ આચરણને સુધારવાનાં દિવસો. રાક્ષસ મહિસાસૂરની આસૂરી શક્તિ અને દેવતા બ્રહ્મા, વિષ્ણુ, મહેશને કરાયેલી પ્રાર્થનાઓનાં પરિણામની વાત સદીઓથી આપણે જાણીએ છીએ. સતત નવ દિવસ ચાલેલા યુદ્ધ બાદ આસૂરો પર દેવો દ્વારા થયેલા વિજયને સદીઓથી ઉજવાય છે. ક્યાંક 'મા જગદંબા' તો ક્યાંક 'મા દુર્ગા' તેમજ ગુજરાતમાં 'મા અંબા' ના નામે પ્રચલિત છે. ગુજરાતમાં તો નવ દિવસ મા અંબાની સ્થાપના કરી, યુવાન-યુવતી હાથમાં માટીનાં ગરબામાં દિવડો પ્રગટાવી સ્તુતિ કરતા ગીતો ગાતા અને તાળીઓનાં તાલે ભક્તિભાવમાં તલ્લીન થઈ નાચી ઉઠતા. સમય જતાં તાળીઓનાં તાલ સાથે શ્રી કૃષ્ણ-રાધાની યાદને અમર કરવા દાંડિયા જોડાયા. આમ 'મા જગદંબા, મા દુર્ગા, મા અંબા' 'માત્રુ-તત્વ' ના ભાવથી પૂજાય છે.

શ્રી કૃષ્ણ પ્રભુએ ભગવદ્‌ગીતામાં મનુષ્યને 'મમૈવાંશ' શબ્દથી સંબોધન કરી મનુષ્ય એમનો જ અંશ છે એ ભાવ વ્યક્ત કર્યો છે. તેમજ પરમેશ્વરનું શ્રેષ્ઠ સર્જન માનવનું ગૌરવ વધાર્યું છે. પરમેશ્વરનાં આ શ્રેષ્ઠ સર્જન માનવને હંમએશા ઉન્નતિનાં શિખર પર સ્થિર માર્ગદર્શન કરતા ઋષિ મુનિઓ દ્વારા સર્જિત વિચાર-પ્રણાલી સમય જતાં શુષ્ક ઉપદેશ બની રહી ન જાય એ માટે શાસ્ત્રકારોએ વિવિધ વિચારસરણી ગોઠવી ઉત્સવોની રચના કરી. જેથી માનવ-હૃદય સદીઓ સુધી ભાવનાઓનો પ્રવાહ વહાવતો રહે. તેથી નવરાત્રીનાં દિવસોમાં તો સ્ત્રી-પુરુષ સાથે-સાથે હૃદયનાં પ્રવાહને નૃત્ય અને સંગીતની મૌન ભાષામાં તલ્લીન થઈ જતી એમની યુવાની નાચી ઉઠે છે. હૃદયની ભાષાને અભિવ્યક્ત કરી રહે છે. શ્રી ઉમાશંકર જોષી સુંદર લખે છે,'ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડા, ના કદી થડ ; રુઢિઓ ખરતી રૂક્ષ, ટકી રહે સાંસ્કૃતિક વડ.'

* * *

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## જ્યોતિપુંજની યશકલગીમાં એક નવા મોરપિચ્છનો ઉમેરો

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સફળ ઈતિહાસમાં સૌ પ્રથમ વખત જ્યોતિપુંજમાં એક રોચક ઉમેરો થયો છે. ઑગસ્ટ ૨૦૨૩ના અંકમાં પ્રથમ વખત આપણે જ્યોતિપુંજના વચ્ચે ના ૪ પાના ચાર કલરમાં છાપ્યાં અને જ્યોતિપુંજનું અતિ મોહક સ્વરૂપ અમે સમાજ સમક્ષ પ્રગટ કરી શકયા.

આ સુંદર કાર્ય માટે અમને સંઘના પ્રમુખ શ્રી સમીરભાઈ ગાંધી, તમામ હોદ્દેદારો, કમિટીના તમામ સભ્યો, અમારી જ્યોતિપુંજનાં સમિતીના તમામ સભ્યો તેમજ સમગ્ર સમાજના અમો આભારી છીએ.

| મંત્રી | તંત્રી |
|---|---|
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | બંકિમ રજનીકાન્ત પરીખ |

# ચારણી છંદ

(સંકલન)

કહું માસ કાતી, તીય મદમાતી, દીપ લગાતી રંગરાતી,
મંદિર મહેલાતી, સબે સુહાતી, મૈં ડર ખાતી ઝઝકાતી;
બિરહેં જલ જાતી નીંદ ન આતી લખી ન પાની મોરારી,
કહે રાધાપ્યારી, મૈં બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

મગશર શુભ માસં, ધર્મ પ્રકાશં, હિયે દુલાશું જનવાસં,
સુંદર સહવાસં, સ્વામી પાસં, વિવિધ વિલાસં, રનવાસં;
અને નહિ અપવાસં, વ્રતિ અકાસં, નહિ વિશ્વાસં, મોરારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

પોષે પછતાઈ, શિશિર સુહાઈ, થંડ લગાઈ, સરસાઈ,
મન મથ મુરઝાઈ, રહ્યો ન જાઈ, વ્રજ દુઃખદાઈ, વરતાઈ,;
શું કહું સમજાઈ, વેદ બતાઈ, નહિ જુદાઈ, નરનારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી.

માહ મહિના આયે, લગન લખાયે, મંગલ ગાયે, રંગ છાયે,
બહુ રેન બઢાયે, દિવસ ઘટાયે, કપટ કહાયે, વરતાયે;
વ્રજકી વનરાયે, ખાવા ધાયે, વાત ન જાયે, વિસ્તારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

ફાગુન પ્રફુલિતં, બેલ લલિતં, કીર કલિતં, કોકિલં,
ગાવત રસગીંત, વસંત વજીતં, દનદર સીતં, દુઃખ દિલં;
પહેલી કર પ્રીતં, કરત કરીતં, નાથ અનીતં, નહિ સારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

મન ચૈતર માસં, અધિક ઉદાસં, પતિ પ્રવાસં, નહિ જાવે,
બન બને બિકાસં, પ્રગટ પલાસં, અંબ ફળાસં, ફળ આવેઃ
સ્વામી સેહબાસં, દિયે દિલાસં, હિયે દુલાસં, કબજારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

વૈશાખે વદ્દ્ળ, પવન અપ્રબળ, અનળ પ્રગટ થઈ, તપતિ અતિ,
શોહત કુસુમાવળ, ચંદન શીતળ, દુઈનદિર્યા જળ મંદ ગતિ;
કીનો હમસેં છળ, આપ અકળકળ, નહિ અબળા બળ બાતવારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

જેઠ જગજીવન, સૂકે બનબન, ઘોર ગગન ઘન ચઢત ઘટા,
ભાવત નહિ ભોજન, જાત બરસ દન, કરત ત્રિયાતન, કામકહા;
તલસત બ્રજકે જન, નાથ નિરંજન, દિયા ન દરશન, દિલધારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

અષાઢ ઉચારં, મેઘ મલ્હારં, બની બહારં જલધારં,
દાદૂર ડક્કારં, મયૂર પુકારં, તડિતા તારં, વિસ્તારં;
ના લહી સંભારે, પ્યારો અપાર, નંદકુમારં, નિરખ્યારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

શ્રાવણ જલ બરસે, સુંદર સરસે, બદલ ભરસે, અંબર સેં,
તરુવર વિરિવરસે, લતા લહરસે, નદિયાં પરસે, સાગર સેં;
દંપતી દુઃખ દરસે, સેજ સમરસેં, લગત જહરસેં, દુખકારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

ભાદ્રવટ ભરિયા, ગિરિવર હરિયા, પ્રેમ પ્રસરિયા, તન તરિયા,
મથુરામે ગરિયા, ફેરન ફરિયા, કુબજા વરિયા, વસ કરિયાં;
વ્રજરાજ વિસરિયા, કાજન સરિયા, મન નહિ ઠરિયા, હું હારિ,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

આસો મહિનારી, આસ વધારી, દન દશરારી, દરશારી,
નવનિધિ નિહારી, ચઢી અટારી, વાટ સંભારી, મથુરારી;
ભ્રખુભાન દુલારી, કહત પુકારી, તમે થીયારી, તકરારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

વા'લા વનમાળી, મિત્ર મોરારી, ના તમે નટખટ ભારી,
રી વાહ તમારી, પ્રીત રૂપાળી, વીસરી ગ્યા છો વનમાળી;
આ દુનિયાદારી, થાય અકારી, વિનવીએ વારંવારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી, ગોકુળ આવો ગિરધારી

તુંહી નામ તારણ સબે કાજ કારણ ધરો ઉનકા ધારણ નિવારણ કરેગા,
ન થા દાંત જાકો દિયા દૂધા માંકો ખબર હૈ સબર જો ધરેગા;
ઢૂંઢો અપના સીના મીટા દિલકા કીના જીના પેટ દીના સો આપ ભરેગા,
મુરાદ કહે જો મુકદ્દર કે અંદર ટીને ટાંક માર્યા સો ટાર્યા ટરે ના,

દુનિયા આની જાની ફાની જોર જુવાની તારી જાવાની,
ના કર નાદાની પ્રીત પિછાણી કર પહેચાની માવાની,
તારા મનની માની નથી થવાની અક્કલ વિનાના અભિમાની;
હાથી હોદ્દાની કર ના ગુમાની કહી ગ્યા જ્ઞાની સંતજ્ઞાની.

વ્રજકી બાલા રૂપ રસાલા બહુત બિહાલા બનબાલા,
જાગી તન જ્વાલા વિપત વિશાલા દીન દયાળા નંદલાલા;
આયે નહિ આલા કૃષ્ણ કૃપાળા બંસીવાલા બનવારી,
કાન્હડ સુખકારી કૃષ્ણ મોરારી ગયે બિસારી ગિરિધારી.

કોઈ અધિકારી, ભુજમન ભારી, કોઈ અનાડી અહંકારી,
કોઈ તપધારી, ફલ આહારી, કોઈ વિહારી વ્રતધારી;
તૃષ્ણા નવ હારી, રહ્યો ભિખારી, અંત ખુવારી ઉડ જાના,
ચિત્ત ચેત સિયાના, ફિર નહીં આના, આખર જગમેં મર જાના.

સિંહે અસ્વારી, શોભે ભારી, ખપ્પરવાળી રંગતાળી,
ખોડલ ખમકારી, ગળધરવાળી મા તું ભારી ત્રિશૂરાળી;
ચોસઠે માતા સુખની દાતા, સરજુગાતા સંગમળી,
રણજંગે જાતા તેગ ઘુમાતા, યુદ્ધ મચાતાં ક્રોધ કરી;
દૈત્યા વિકારી બુદ્ધિ ભારી, દાંત વધારી વકરાળી,
ખોડ ખમકારી ગળધરવાળી, માતું ભારી ત્રિશૂરાળી.

ગોકુળ ગામમાં ને વૃંદાવનના ધામમાં, યમુના ઘાટમાં ગિરધારીના,
જશોદાનો જાયો માખલ લાયો, કંસને માર્યો મોરારી;
રાધા જેની ભાર્યા ને પાંડવોને તાર્યા, કૌરવોને માર્યા મોરારી,
કહે રાધે શ્રીકૃષ્ણ જશોદાના જાયા, ગોકુળ આવો ગિરધારી.

તાવ ડૂમક ડૂમક દાદૂર દવ, ડૂમકત ડ્રેકત મોર મલહારા ગીરા,
તાવ પિયુ પિયુ સબદ પુકારત, ચાતક પિયુ પિયુ કોકિલ કંઠ ગીરા;
તાવ ગડડ ગડડ નભ હોત ધડાકા, ધણણ ગિરિવર શિખર દડે,
તાવ રૂમઝૂમ રૂમઝૂમ બરસત બરખા, ઘરર ઘરર ઘનઘોર ગજે.

આદિ અવલંબા દેવ દિગંબા જય જગદંબા હરઅંબા,
પ્રતિ કિરણ પ્રલંબા ઝળહળ ઝકુંબા ઝાક ઝકુંબા જળકંબા;
બહુ દીપત બંબા ચોસઠ અંબા રમે કદંબા નવરાત્રિ,
અગ્રવત્ અખંડી પ્રગટ પ્રચંડી નમીએ ચંડી પરભાતી.

કાન કીડોલા રંગરંગીલા માધવ મોહન મતવાલા,
દીન દયાળા કૃષ્ણ કૃપાળા નવટર નાગર નંદલાલા;
રાધારમણા રાય રૂપાળા છેલછબીલા છોગાળા,
શંકર દુર્લભ દર્શ દીદારા ભવજળભયને હરનારા.

રણશિગાં વાગે સૂતાં જાગે કાયર ભાગે કામ પડે,
ધમધમ ધરતી ફોજં ફરતી વિનાશ કરતી તેગ વડે;
જનનીના જાયા કવિએ ગાયા લોકે વીરલા કોક જડે,
મેદાને મરવા અવસર વરવા મરદ કસુંબલ રંગ ચડે.


# TOOTH & TOT

**25% Discount**

## DENTAL STUDIO AND PAEDIATRIC CLINIC

**Dr. Rashi Dharia**
B.D.S. (GDC MUM)
Cosmetic Dentist and Implantologist

**Services Offered :**
- Dental Checkup with Intra-Oral Cahera
- Implants
- Signle Sitting Root Canal
- Zoom Teeth Whitening
- Dental Jewellery
- Braces
- Dentures
- Smile Rehabiletation and Aesthetics
- Preventive Paediatric care
- Surgical Extraction

**Dr. Devansh Dharia**
M.D. Paediatric (MUM)
Cosultant Paediatrician and Neonatologist at
Shri H.N. Reliance Foundation Hospital

**Services Offered :**
- Complete Immunisation with Packages
- Well Baby Clinic
- Paediatric Growth + Development Assessment
- Infectious Diseases
- Child Allergies and Skin Problems
- Speech and Language

Shop No.51, Panchratna Building, Ground Floor, Next to Popley Jewellers,
Charni Road (East), Mumbai - 400004 - Timing : Monday to Saturday - 10.00 a.m. to 08.00 p.m.
*Sunday by Appointment*

**For Appointment Contact No. 9619674227 / 9833556905**


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

# હિન્દી ફિલ્મનો પહેલો ગરબો



## મૈ તો ભૂલ ચલી બાબુલ કા દેશ

મૈ તો ભૂલ ચલી બાબુલ કા દેશ, પિયા કા ઘર પ્યારા લગે
કોઈ મૈકે કો દે દો સંદેશ, જાકે મૈકે કો દે દો સંદેશ
પિયા કા ઘર પ્યારા લગે... મૈ તો ભૂલ ચલી.....
નનંદી મેં દેખી હૈ બહના કી સૂરત
સાસૂજી મેરી હૈ મમતા કી મૂરત
હો પિતા જૈસા, હો પિતા જૈસા સસુરજી કા બેસ
પિયા કા ઘર પ્યારા લગે... મૈ તો ભૂલ ચલી.....
ચંદા ભી પ્યારા હૈ, સૂરત ભી પ્યારા
પર સબસે પ્યારા હૈ સજના હમારા
હો આંખે સમજે, હો આંખે સમજે જિયા કા સંદેશ
પિયા કા ઘર પ્યારા લગે... મૈ તો ભૂલ ચલી.....
બૈઠા રહે સૈંયા નેંનો કો જોડે,
એક પલ અકેલા વો મુજકો ના છોડે
હો નહી કોઈ, હો નહી કોઈ જિયા કો કલેશ
પિયા કા ઘર પ્યારા લગે... મૈ તો ભૂલ ચલી.....



(સંકલન)


|| જય શ્રી કૃષ્ણ ||
રાધે રાધે







સ્વર ને સંગીતનો અનેરો સંગમ
**શુભારંભ**
સંગીત ગ્રુપ

દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા
બર્થડે-પાર્ટી, એનિવરસૅરી, જુનાગીતો
ટ્રેક શો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા
સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા
9821172223 / 9221318333
No Network Pls Call On Whatsaap



**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**


(જ્યોતિર્વિદ-મુંબઈ)
**Sankalp Astrologist & Palmist**
તથા


જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર,
લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી,
નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા,
ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ,
શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ,
પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી,
ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. - ૯૫૯૪૩૨૬૨૦૨

# રંગોળી

(સંકલન)




















# ચંદ્રયાન-૩ ઈસરો

✍ હૃદય સચીન પરીખ (જુનાગઢવાળા)

**એક અસંભવિત મિશનને શક્ય બનાવ્યું.**

૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ની સાંજે ૬.૦૪ કલાકે શું હું દિવાસ્વપ્ન જોઈ રહ્યો હતો ? ના, આ કોઈજ દિવાસ્વપ્ન નહોતું. હું ભારતની મહાન સિધ્ધિનો સાક્ષી બનવાનો હતો. તેની ખાતરી કરવા માટે મારી જાતને ચૂંટી ખણી હતી. મેં મારા ઘરેથી અને ઈસરોના ઘર બેંગ્લોરથી હર્ષોલ્લાસથી મનાવ્યો, અનુભવ્યો. ચાલો, હું તમને આ મિશનની અંદર લઈ જાઉં છું.



હું હૃદય પરીખ, આજના દિવસનો ચંદ્રયાન-૩ નો અંતરિક્ષમાં પ્રવાસ આપણા ભારતીય વૈજ્ઞાનિકોની હિંમત અને બુદ્ધિમતાનો અદ્‌ભૂત નમૂનો છે. આજે આપણે ભારતીયો એ ભારતીય હોવાનો ગર્વ કરવાનો દિવસ છે. વિક્રમ સારાભાઈ જે 'ઈન્ડિય સ્પેસ પ્રોગ્રામ'ના પ્રણેતા છે. જે પાછળથી 'ઈસરો' તરીકે ઓળખાયું. એમના વગર ચંદ્રયાન મિશનની કલ્પના કરવી જરા અધરી થઈ જાત.

ચંદ્રયાન-૩ ૧૪ મી જુલાઈ ૨૦૨૩ના શ્રી હરીકોટા આંધ્રપ્રદેશથી છોડવામાં આવ્યું હતું. ચંદ્રયાન -૩ ને ત્યાંના ડેટા એકત્રિત કરવા માટે કે ચંદ્ર પર વારે ઘડીએ બરફનું પાણી કેમ બને છે ? એ કારણ જાણવા માટે મોકલવામાં આવ્યું હતું. ભારત સર્વ પ્રથમ દેશ છે કે જેણે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાથી ચંદ્રયાન-૩ નું ઉતરાયણ કરાવ્યું હોય. જે ભારતને ચાઈના સાથે ચંદ્ર પર સક્રિય રોવર ધરાવતો દેશ બનાવે છે.

ઈસરોના પ્રમુખ શ્રી એસ. સોમનાથને આપણા વૈજ્ઞાનિકોને ખુબ જ સુંદર સાથ સહકાર આપ્યો. જેથી તેઓ સફળ થયા. શ્રી સોમનાથન આગળ પણ વૈજ્ઞાનિકોને બીજા મિશનો સફળ કરાવવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપશે. જેમકે આદિત્ય L-1 (આપણાં સૂર્યનો અભ્યાસ કરવાનું મિશન) અને આપણું ગગનયાન (ભારતનું પહેલું માનવયુક્ત મિશન) અને આપણું પ્રજ્ઞાન રોવર આપણા ભારતીય ધ્વજની છાપ ચંદ્ર પર છોડવાનું છે.

શું તમને ખબર છે ચંદ્રયાન-૩ નો ખર્ચ રૂા. ૬૫૦ કરોડનો છે. જે સ્પેસ મિશનના ઈતિહાસનો સૌથી ઓછો ખર્ચ છે. આખી દુનિયાના લોકોએ તેમજ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણા વૈજ્ઞાનિકોએ ખૂબ ખૂબ ધાન્યવાદ આપ્યા અનો તેઓની ખૂબ જ પ્રશંસા કરી છે.

ચંદ્રયાન -૩ ની સફળતા એ નવા ઉભરતા વૈજ્ઞાનિકો માટે નવી નવી શોધખોળો માટેના દ્વાર ખોલી નાખ્યા છે. ભવિષ્યમાં તેઓ બીજા ગ્રહો પર પણ જઈ શકે છે. જેમ કે ગુરુના ગ્રહ પર, શનિના ગ્રહ પર વગેરે. આ પ્રેરણાદાયી સિધ્ધિ હંમેશા માટે ભારતના ઈતિહાસના પાનાઓમાં અકબંધ થઈ જશે અને ભારતના આ મહાન પ્રયાસનો હું પણ સાક્ષી બની શક્યો તેનો મને ગર્વ છે. સર્વ ભારતીયો માટે આ અભિમાનનો દિવસ છે.

**ધન્યવાદ અને જય હિંદ !**

# Dr. Rita Gandhi

## Holistic Wings

## - Mind Body & Soul

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

# જીવન : એક એલ

✍ કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)

## કર્મનો નિયમ અને ક્ષમાશીલતાનો નિયમ

માણસ જે આપે છે તે જ પામે છે. જીવનની રમત એ બૂમરેંગની રમત છે. માણસના વિચારો, કાર્યો અને શબ્દો મોડાવહેલા પણ અદભૂત ચોક્કસાઈથી તેના ભણી જ પાછા વળે છે. આજ કર્મનો નિયમ છે.

માણસ જેમ વધુ જ્ઞાન મેળવે છે તેમ તેણે વધુ જવાબદાર બનવાનું રહે છે. જાણવા છતાં જે માણસ નિયમ ઉવેખે છે, તેને વધુ સહન કરવું પડે છે.

અધિકાર પહેલાં આજ્ઞાપાલન આપે છે. માણસ નિયમનું પાલન કરે છે, ત્યારે નિયમ માણસને આધીન વર્તે છે. વીજળી મનુષ્યની સેવિકા બને તે પહેલાં વીજળીનો નિયમ જાણવો જોઈએ. અજ્ઞાનપૂર્વક તેની સાથે કામ પાડીએ તો જીવલેણ શત્રુ બની રહે.

મનના નિયમોનું પણ આવું જ છે.

એક સ્ત્રીને તેના સંબંધીનું મકાન ખૂબ ગમતું. તે પ્રબળ મને એ મકાન મેળવવાની ઈચ્છા કરતી અને પોતે એ મકાનમાં રહે છે તેનું માનસચિત્ર દોરતી. વખત જતાં તે માણસ મૃત્યુ પામ્યો અને એ સ્ત્રી એ મકાનમાં રહેવા ગઈ. તેણે પૂછ્યું,'એ માણસના મૃત્યુ સાથે મારો સંબંધ હશે ?' કહ્યું કે, હા, તમારી ઈચ્છા એટલી પ્રબળ હતી કે દરેક વસ્તુ એ માર્ગ કરી આપ્યો. પણ તે માટે તમારે કર્મનું ઋણ ચૂકવવું પડયું કે મકાન ખર્ચ તમને ભારે થઈ પડયું, કારણ કે થોડા દિવસમાં પ્રિય પતિ મરણ પામ્યા.

ખરી રીતે સ્ત્રીએ એમ કહેવું જોઈતું હતું કે,'હે અનંત ચેતના, મારું આવું જ સુંદર, મારા માટે યોગ્ય, ઘર આપો. જે દેવી અધિકારની રૂએ મારું હોય.'

દિવ્ય પ્રકૃતિએ તેણે પૂર્ણ સંતોષ આપ્યો હોત અને બધાનું તેમાં કલ્યાણ થયું હોત. ઈચ્છાશક્તિ એક પ્રચંડ શક્તિ છે. તે યોગ્ય માર્ગે જ વહેવી જોઈએ. નહિ તો અંધાધૂંધી આવી પડે છે. વલણ દાખવ્યું હોત તો 'જો મારા માટે નિર્માયું હશે તો મને મળ્યા વગર નહિ રહે. ન નિર્માયુ હોત તો મને એવું જ બીજું મકાન આપો.

માણસ પોતાની ઈચ્છાશક્તિ પરમ ચેતનાને ચરણે ધરી દે છે. ત્યારે તેને જોઈતી વસ્તુ તેને મળી રહે છે એ એક વિચિત્ર લાગતું સત્ય છે.

એ માટે માણસે 'શાંત' થવું જોઈએ. જે ઘણું અઘરું છે, માણસ ખર્ચ કરવાની કે આપવાની વૃત્તિને અવગણે તો તે એ પૈસા બીજા અણગમતી રીતે ખર્ચાઈ તો જાય છે જ.

કર્મના નિયમને અતિક્રમી જતો નિયમ છે. કૃપાનો, ક્ષમાશીલતાનો. એ માણસને કારણ અને પરિણામના પ્રભાવમાંથી મુક્ત કરે છે. અહીંની ભૂમિકા ઉપર માણસ વાવે તેનું લણે છે, પણ ભગવાનની કૃપાનો વરસાદ તો તેના ઉપર સદાય વરસતો હોય છે. દુન્યવી વિચાર પર, માંદગી-મૃત્યુ-પાપના વિચાર પર વિજય મેળવનાર મનુષ્ય માટે આ કૃપાભાવની સ્થિતિ નિરંતર વાટ જોતી ઊભી જ છે. આથી તેણે પોતાનો બોજો ફેંકી ભગવત-મનને સોંપી દઈ આ નિયમનો ભંગ ન કરવો જોઈએ.

બોજો ફેંકી દો કારણ કે....

જીવનની લડાઈઓ લડવાનું કામ માણસમાં જે ભગવત્-મન રહેલું છે, તેને સોંપાયેલું છે. માણસે પોતે તો માત્ર શાંત બની રહેવાનું હોય છે. પ્રતીક્ષા કરવાની હોય છે. તેનું તર્કબુદ્ધિ ધરાવતું મન તો ઘણું મર્યાદિ હોય છે. ભયને શંકાથી ભરેલું હોય છે. આથી તેણે પોતાનો બોજો ભગવત મનને સોંપી દઈ હળવા થઈ જવું જોઈએ. પોતાનો બોજો પોતે ઊંચકવો, એ નિયમનો ભંગ છે. સર્વશક્તિમાન ભગવત્ ચેતનાએ એના અર્ધજાગ્રત મનને પ્રેમથી ભરી દીધુ અને આખું જીવન જ પલટાઈ જાય છે.


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
CABLE GLAND
FANS
Concealed Metal Boxes For Modular Series
CONCEALED METAL BOX
CLETA
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
ESTD : 1958
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

બોજો ફેંકી દીધા પછી આપણી દૃષ્ટિ ચોખ્ખી બને છે. કારણ કે બોજો ભગવાનને સોંપી મુક્ત થવાય છે. વખત જતાં 'શુભ' નો મૂર્ત સ્વરૂપમાં આર્વિભાવ થાય છે પછી એ આરોગ્ય હોય, આનંદ હોય કે સાધનસામગ્રી હોય બોજો ફેંકી દેવાથી માણસ અંધકારમાં પણ જોઈ શકે છે. તે માટે સક્રિય શ્રદ્ધા હંમેશા ખૂબ જરૂરી છે.

અર્ધજાગૃત મન પર જે વિજય/સાચા માર્ગનું ચિત્ર દોરાય છે તે દ્રઢ મનથી, અનુસરવાથી આપણને જીવનમાં વિજય મેળવવામાં મદદ કરે છે. અને તે જ દર્શાવે છે કે માણસે પોતાનું દરેક કાર્ય તે ભયમાંથી ઉદ્‌ભવે છે કે શ્રદ્ધામાંથી તે તપાસતા રહેવું જોઈએ. ભયથી લોકોને મળવાનું ટાળવું નહિ. પ્રસન્નતાથી તેમને મળવું. તેઓ કાં તો તમારા 'શુભ'ની સાંકળમાં એક સોનેરી કડી બનશે કે પછી અનાયસ તમારા માર્ગમાંથી ખસી જશે. આખરે સમજાશે કે માણસને ખેંચી જનાર વસ્તુ છે ભય. આગળ જણાવીશ 'પ્રેમ'નો જાદુ.

✿✿✿

# લાવ હથેળી શ્યામ લખી દઉં

(સંકલન)

લાવ હથેળી શ્યામ લખી દઉં, હૈયે હરીવર નામ લખી દઉં
આંગળી ઉપર આતમ પ્યારો, કર ઉપર કિરતાર લખી દઉં
લાવ હથેળી શ્યામ લખી દઉં
મુખ ઉપર માખણ ખાનારો, ગાલો ઉપર ગોવિંદ લખી દઉં
કંગન ઉપર કૃષ્ણ કૃપાળુ, ભુજ ઉપર ભગવંત લખી દઉં
લાવ હથેળી શ્યામ લખી દઉં
કુંડળ ઉપર કમલ નયન ને, અલ્કાવરી પર અલખ લખી દઉં
નાસિકા ઉપર નટવર નાગર, નથણી ઉપર શ્રીનાથ લખી દઉં
લાવ હથેળી શ્યામ લખી દઉં
અધરો ઉપર અંતરયામી, બિંદીમાં બ્રજ ચંદ્ર લખી દઉં
પાંપણ ઉપર પરમાનંદને, કીકીમાં હું કૃષ્ણ લખી દઉં
લાવ હથેળી શ્યામ લખી દઉં
ચુંદડી ઉપર પ્રીત હરનારો, પાલવ ઉપર પ્રીતમ લખી દઉં.
શ્રાવણ મહિને ભીતર ઉપર, રોમે રોમે રસ રાજ લખી દઉં
લાવ હથેળી શ્યામ લખી દઉં



Eye Specialist

**Dr. Mukti Shah**

MBBS, DNB, FICOphthalmology (London, U.K.), FMR



**Complete Advanced Eye Care**

**Treatments We offer :**

- Advanced Cataract Surgery (Phaco)
- Lasik, PRK
- Medical Retina Treatment
- Diabetic / Hypertensive Retinopathy Treatment
- Retinal Injections
- Retinal Lasers
- ROP Screening and Lasers
- Dry Eye disease Management
- Glaucoma Evalution




**Clinic Timings**
*Monday to Saturday*
10 a.m. to 1 p.m.
5 p.m. to 8 p.m.

***For appointments***
**call us on 96533 92265**

***-: Address :-***
**Healer's Clinic**
Office No. 3, 1st Floor, Almas House,
Millat Nagar External Road,
Opp. Gate No. 2, Near Oh My Dogs Cafe,
Oshiwara, Andheri (West), Mumbai - 400 053

# ટ્રિકી – એરો ચાર્ટ

આ સાથે આપેલા 'ટ્રિકી - એરો' ગ્રુપ ગેઈમના ચાર્ટનું અવલોકન કરો. સાથે આપેલા પ્રશ્ન પત્રમાં જવાબ લખવા ચાર્ટમાં આપેલા એરો તથા તેની નીચે આપેલા અક્ષર ધ્યાનમાં રાખી જવાબ લખવા. નક્કી કરેલી સમય મર્યાદામાં (૧૦ મિનીટ) જવાબ લખી વધારેમાં વધારે માર્કસ મેળવવા કોશિષ કરો.




# ગ્રુપ ગેઈમ ટ્રિકી – એરો

**જ્યોતિપુંજમાં પ્રગટ કરેલી નવી નક્કોર ગ્રુપ ગેઈમના બંને પાનાની ઝેરોક્ષ/પ્રિન્ટ આઉટ તમારા ગ્રુપમાં રમાડવા તૈયાર કરો.**

**માર્કસ - ૩૫**


**સવાલ - ૧ : એરો પ્રમાણે શબ્દ શોધો.**

**સમય મર્યાદા - ૧૦ મિનીટ**




(૫)

જવાબ : ..............................................................................



(૫)

જવાબ : ..............................................................................




(૫)

જવાબ : ..............................................................................


**સવાલ - ૨ : શબ્દ પ્રમાણે એરો દોરો.** (૩) (B) (૩)

(A)



મ ઠિ યા | ફ ગ વો

(C)



શ્રી ગો કુ લે શ જી (૬)

**સવાલ - ૩ : ખાલી જગ્યા પૂરો.** (૪)

(A)



મ જી

જવાબ : ..............................................................................


(B)



બા ગ (૪)

જવાબ : ..............................................................................

**સવાલ - ૪ : ત્રણ અક્ષરનો એક શબ્દ શોધો, લખો અને તેને અનૂરૂપ એરો દોરો.** (૩)



(જવાબ - પાના નંબર - ૪૨ )

જવાબ : ..............................................................................

# આતિથ્ય

## દાલ પકવાન ચાટ

✍ **લીના મંજુલ ધારીઆ**

૨૫૦ ગ્રામ મેંદો, ચપટી અજમો, મીઠું, ૧ ટેબલ સ્પૂન તેલ નાખી લોટ બાંધવો. તેની નાની નાની પુરી વણવી. તેમાં Fork (કાંટા ચમચી) થી કાપા પાડવા જેથી તે ફૂલે નહીં અને ગુલાબી પુરી તળી લેવી.

**દાળ બનાવવા માટે :** ૧૦૦ ગ્રામ ચણાની દાળ પલાળીને બાફી લેવી. ત્યારબાદ તેમાં વધાર કરવો. તેમાં ૧ ટેબલ સ્પૂન તેલ, જીરૂ, તજ પત્તી, આખા મરચા તેમજ હીંગ નાખવી. ત્યારબાદ બાફેલી ચણાની દાળ થોડુંક પાણી નાખી સેમી લીકવીડ દાળ બનાવવી. તેમાં મીઠું, મરચું, હળદર, ધાણાજીરૂ અને જરાક ગરમ મસાલો નાખવો.

**સર્વ કરવા માટે :** ડીશમાં ૪-૫ પૂરી મૂકવી. તેની ઉપર બનાવેલી દાળ નાખવી. ત્યારબાદ તેની ઉપર ગળી ચટણી, તીખી ચટણી અને લસણની ચટણી નાખવી. કાપેલા ઝીણા કાંદા અને ટામેટા તેમજ તળેલી ચણાની દાળ અને કોથમીર નાખી સર્વ કરવુ.

## સંદેશ મેકરૂન (Macroon)

અડધો લીટર ગાયનું દૂધ. તેને ગરમ કરી લીંબુથી ફાડવું. ત્યારબાદ કપડામાં ગાળી લેવું અને પાણીથી ૨-૩- વાર ધોઈ લેવું. તેમાંથી બધું જ પાણી કાઢી લેવું. કઠણ કરવું. ત્યારબાદ તેને જરાક જ હાથથી મસળવું અને ૨ ટેબલ સ્પૂન દળેલી ખાંડ નાંખી મીક્સ કરીને ફ્રીઝમાં મૂકવું. ત્યારબાદ કેસર પેઠા લઈ તેના નાના નાના ટુકડા અથવા સ્લાઈસ કરવી અને સાથે પીસ્તાની કતરણ મીક્સ કરવી. ઉપરના પનીરના અર્ધ ગોળ ગોળા (આઈસ્ક્રીમ સ્કૂપ) થી કરવા. ત્યાર બાદ વચ્ચે પેઠા અને પીસ્તા ભરવા અને જરાક હાથેથી દબાવવા જેથી કરીને મકરૂન જેવો આકાર આવશે. પછી તેને પેપર કપમાં મૂકીની ચિલ્ડ કરવું. દિવાળી અને ગણપતિ માટે ઝટપટ બનતી વાનગી છે. તેમજ ઘી-તેલ વગરની મિઠાઈ, પચવામાં હલકી છે.

## ફલાફલ

✍ **રીટા નિખિલ પરીખ**

ચાર થી પાંચ મેમ્બર માટે

**સામગ્રી :** ૧ વાટકી ચણાની દાળ, ૧ વાટકી છોલેના વટાણા, ૧ ઝુડો કોથમીર, ૧ ઝુડો ફુદીનો, પાંચ ટેબલ સ્પૂન આખા તલ, જીરૂનો વાટેલો ભુક્કો, ૨૫૦ ગ્રામ આદુ, ૨૫૦ ગ્રામ લસણ (લીલુ મરચું, મીઠુ સ્વાદ અનુસાર).

**સલાડ માટે :** કાંદા, કાકડી, ટામેટા, લેટસ પોકેટ બ્રેડ, ૧ લીટર દુધનું દહીં, થાઈ ચટણી

**બનાવવાની રીત :** દાળ, છોલે વટાણા આખી રાત પલાળી રાખવા. સવારે દાળ, છોલે વટાણામાં કોથમીર અને ફુદીનો મિક્સ કરીને મિક્સચરમાં વાટી નાખવું. ને સ્વાદ અનુસાર મીઠુ અને વાટેલા મરચા નાંખવા તથા જીરૂ વાટી લેવું. તલ આખા નાખવાના. ભજીયાનું ખીરૂ તૈયાર થઈ જશે.

**દહીંની ચટણી બનાવાની રીત :** ૧ લીટર દૂધનું દહીં બનાવીને બાંધી દેવું જેથી બધુ પાણી નીકળી જાય. પછી આદુ, લસણ, વાટેલું જીરૂ, કોથમીર, ફુદીનો બધુ મિક્ચરમાં મિક્સ કરવું. વટાય જાય પછી દહીંમાં મિક્સ કરવું. કાકડી, કાંદા, ટામેટા લેટસના ઝીણા ઝીણા ટુકડા કરવા. બ્રેડમાં પોકેટ ન હોય તો પોકેટ કરવા. ખીરું થઈ ગયા પછી ધીમા તાપે તળવા. બહુ ડીપ ફ્રાય નહી કરવા પણ થોડા ક્રીસ્પી થવા દેવા. ભજીયા થઈ ગયા પછી પોકેટ બ્રેડમાં દહીંની ચટણીને થાઈ ચટણી લગાવવી. કાંદા, કાકડી, ટામેટા, લેટસને ભજીયા સાથે પોકેટમાં ભરવા. ને ઉપરથી દહીંની ચટણી ને લેટસ ભભરાવા પછી દહીંની ચટણી થાઈ ચટણી જોડે ખાવાનો અનેરો આનંદ લેવો.

કાંદા લસણ ન ખાતા હોય તો એના વગર પણ થઈ શકે.

ડૉ. આશીશ રજત મોદી



# માર્શલ આર્ટ

✍ **નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

માર્શલ આર્ટ એક લડાકૂ શૈલી અથવા આત્મરક્ષા માટેની શૈલી છે. પ્રાચીન કાળમાં લોકો તેને યુદ્ધકલા તરીકે વાપરતા હતા. દુનિયામાં માર્શલ આર્ટની હજારો શૈલી છે. જેનો વિકાસ આત્મરક્ષા અને યુદ્ધમાં વિજય મેળવવા માટે થયો હતો. માર્શલ આર્ટની વિવિધ રીતો છે. તેમાં એક પ્રકાર કુસ્તીનો છે. જેમાં શરીરનો ઉપયોગ પહેલવાની સ્ટાઈલ માટે અને બીજો હાથ-પગનો ઉપયોગ હથિયારની જેમ કરવામાં આવે છે.

માર્શલ આર્ટનો જન્મ ક્યાં અને ક્યારે થયો તે નક્કી કરવું મુશ્કેલ છે. પરંતુ તેની બે થિયરી છે. એક થિયરી મુજબ માર્શલ આર્ટનો વિકાસ પ્રાચીન ગ્રેકો રોમન કલ્ચર સિવિલાઈઝેશનમાં થયો હતો. ત્યારે સૈનિકોને પેનક્રેશન નામની માર્શલ આર્ટ જે કુસ્તી ટાઈપની છે તે શીખવવામાં આવતી. તે યુદ્ધ સમયે કામ લાગતી. એક ધારણા મુજબ એકેલઝાન્ડર ધ ગ્રેટ જ્યારે દુનિયા જીતવા નીકળ્યો ત્યારે તેમના ભારત સાથેના યુદ્ધ દરમ્યાન તેના સૈનિકોનું આ શૈલીનું પ્રદર્શન જોયું. તે મુજબ ભારતીયો આ શૈલી શીખ્યા. અને આ રીતે ભારતમાં આ શૈલીનો પ્રવેશ થયો. પછી ભારતમાંથી ચીન થઈને જાપાન ગઈ અને ત્યાં તેનો આધુનિક વિકાસ થયો. જેને આપણે જુડો, જુજુત્સુ નામની માર્શલ આર્ટ તરીકે ઓળખીએ છીએ.

જ્યારે બીજી ધારણા મુજબ બુદ્ધ ભગવાનના શિષ્ય બૌધી ધર્મ જ્યારે ચીનના પ્રવાસે નીકળ્યા ત્યારે તેઓ શાઓલીન ટેમ્પલ પહોંચ્યા. ત્યાં શાઓલીન (આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં) માં તેમણે જોયું કે શાઓલીનના સાધુઓ બહુ આળસુ-પેટુડા હતા અને તેથી મેડિટેશન માટે તેમની શારીરિક ક્ષમતા નહોતી. ઉપરાંત ત્યાં ચીની પાયેરેટસના (ડાકુઓના) વારંવાર હુમલાઓને કારણે સાધુઓ ત્રસ્ત હતા અને તેનાથી બચવા બોધીધર્મએ ૧૮ ટેકનીક્સ શીખવાડી, જે ભારતીય યોગ ઉપર આધારિત હતી અને પછી આ ૧૮ ટેકનિકમાંથી ધીમે ધીમે દુનિયાની તમામ માર્શલ આર્ટનો વિકાસ થયો હતો.

ચાલે હવે અલગ અલગ દેશની વિવિધ માર્શલ આર્ટ વિશે જાણીએ.

## ચીન

**કૂંગ-ફૂ :** ચીનમાં સૌથી વધારે ઉપયોગમાં લેવાતી લોકપ્રિય માર્શલ આર્ટ કૂંગ-ફૂ છે. તેનો જન્મ શાઓલીન ટેમ્પલમાં થયો હોય તેમ મનાય છે. આ કૂંગ-ફૂ ના પણ હજારો પ્રકાર છે. જેમ કે ટાઈગર સ્ટાઈલ કૂંગ-ફૂ, સ્નેક સ્ટાઈલ કૂંગ-ફૂ, મન્કી સ્ટાઈલ કૂંગ-ફૂ, ડ્રન્કન સ્ટાઈલ કૂંગ-ફૂ, બોક્સિંગ સ્ટાઈલ કૂંગ-ફૂ, ઈગલ સ્ટાઈલ કૂંગ-ફૂ, ગ્રાસ હોપર સ્ટાઈલ કૂંગ-ફૂ વગેરે. બધી સ્ટાઈલ પ્રાણી જગત ઉપરથી વિકાસ થયો છે. દરેક પ્રાણીની લડવાની સ્ટાઈલની હતી, તેના ઉપરથી કૂંગ-ફફૂ સ્ટાઈલ વિકસી છે. એટલે આ દરેક સ્ટાઈલમાં પ્રાણીની લડવાની ઝલક જોવા મળે છે. અત્યારે ચીનમાં મુખ્યત્વે કૂંગ-ફૂ ની બે સ્ટાઈલ વધુ ઉપયોગમાં છે. એક શાઓલીન વસુ-કૂંગ-ફુ અને બીજી વીંગ-ચૂન. જે મહાન માર્શલ આર્ટ ચેમ્પિયન બ્રૂસ-લી શીખ્યા હતા અને તેના જાણકાર હતા. ઉપરાંત જેકી-ચાન પણ આ માર્શલ આર્ટ શીખ્યા હતા. અત્યારે નવી શોધાયેલી શાન્ડા બોક્સિંગ એ પણ એક ઘાતક-જાન લેવા માર્શલ આર્ટ છે.

## જાપાન

જાપાનમાં ઘણી બધી માર્શલ આર્ટનો ઉદ્‌ભવ થયો છે. જેમાં વિશ્વ પ્રસિદ્ધિ કરાટે અને જુડોનો સમાવેશ થાય છે. જુડો એ પહેલવાની સ્ટાઈલ છે. તેમાં સાદી બાયો મિકેનીક્સ પ્રિન્સિપલનો ઉપયોગ થાય છે. જેથી કરીને તમે તમારા પ્રતિસ્પર્ધીને પછાડવાનો હોય છે. એમાં હાથ-પગનો ઓછોમાં ઓછો અને શરીરના પીઠ, ખભાનો ઉપયોગ કરીને સામેની વ્યક્તિને પછાડવાનો કે ધરાશયી કરવાનો હોય છે. કરાટેનો વિકાસ જાપાનના ઓકીનાવા આઈલેન્ડમાં થયો છે. કરાટેમાં હાથ-પગને જ શસ્ત્ર-વેપન કરીકે ઉપયોગ કરવાનો હોય છે. કરાટેનો જાપનાઝી અર્થ empty hands થાય છે. જાપાનની બીજી ઘણી માર્શલ આર્ટ શૈલીઓ છે જેમ કે કીક બોક્સિંગ, જુજુ ત્સુ, નિંજા વગેરે છે. નિંજા ગોપનીય માર્શલ આર્ટ તરીકે ઉપયોગમાં લેવાય છે. નિંજા કોમના લોકો ખૂબ સામંતવાદી

જાપાનમાં કોન્ટ્રેક્ટ કીલર ગણાતા. ઘણા તેમને જાદુગર સમજતા. તેમનાં કરતબો સામાન્ય માણસો સમજી શકતા નહોતાં. નિંજા મોટેભાગે શસ્ત્રો ઉપર આધારિત માર્શલ આર્ટ છે. જેમાં તમામ જાતની તલવાર, લાકડીઓ અને ચપ્પાં વગેરેનો ઉપયોગ થાય છે. જાપાનની બીજી માર્શલ આર્ટ જુજુ ત્સુ જુડોના પૂર્વજ તરીકે ઓળખાય છે. જુડોનો વિકાસ જુજુ ત્સુમાંથી થયો હતો.

## કોરિયા

કોરિયાની માર્શલ આર્ટ ટાઈકવોન્ડો (Taekwondo) છે. આ માર્શલ આર્ટ દુનિયામાં વધારે લોકો જાણે છે. એક ધારણા મુજબ ૭ કરોડ લોકો ટાઈકવોન્ડો શીખે છે, જાણે છે અને શીખી ચૂક્યા છે. એટલે કે દુનિયાની સૌથી વધુ પ્રચલિત માર્શલ આર્ટ ટાઈકવોન્ડો છે. તેમાં કીકીંગનું મહત્વ વધારે હોય છે. પંચીઝ હોય છે પરંતુ મુખ્ય પાયો કીકીંગ છે. દુનિયાની સારામાં સારી કીકીંગ શીખવી હોય તો ટાઈકવોન્ડોની ઉત્તમ છે. જો કે ટાઈકવોન્ડોની અમુક કીક્સ એટલી ઘાતક હોય છે કે તેનાથી માણસ બેભાન પણ થઈ જાય છે. ઘણીવાર જીવલેણ પણ નીવડે છે.

## થાઈલેન્ડ

થાઈલેન્ડની માર્શલ આર્ટ થાઈ બોક્સિંગ જે સૌથી વધુ ઘાતક માર્શલ આર્ટ ગણાય છે. તેના અમુક કરતબ એટલા ઘાતક હોય છે કે તેનાથી આજીવન પેરાલિસિસ થાય કે મૃત્યુ પણ થઈ શકે છે. તેના વાર કોણીથી મોઢાં ઉપર અને છાતી ઉપર ફોર્સફુલ્લી એટેક કરવામાં આવે છે અને ઘૂંટણથી પેટમાં ધારદાર હુમલો પણ સામિલ હોય છે. તેની અમુક ટેકનિક ખૂબ જ ઘાતક હોવાથી તેને થાઈલેન્ડમાં જ પ્રતિબંધિત કરાઈ છે અને તેથી જ તેને ઓલિમ્પિકમાં રમતોમાં માન્યતા નથી. જ્યારે જુડો અને ટાઈકવોન્ડોએ ઓલિમ્પિકમાં રમતોમાં માન્યતા મળેલ છે. કમ્બોડીયાની Pradal Serey નામની માર્શલ આર્ટ થાઈ બોક્સિંગ જેવી જ છે. લગભગ સરખી છે. માત્ર એક કે બે ટેકનિક અલગ છે.

## ભારત

ભારતમાં પણ ઘણી બધી માર્શલ આર્ટ છે. જેમ કે પહેલવાની, કુસ્તી, શીખ, ગટકા GATKA છે. કલારી પટ્ટુ કે કલારી પટ્ટા એ સૌથી પ્રાચીન માર્શલ આર્ટ છે. ૯મી સદીમાં કેરાલામાં તેનો વિકાસ શરૂ થયેલો. કેરલા, તામીલનાડુ અને શ્રીલંકા માં પણ તે પ્રચલિત હતી. ખાસ તો નાયર કોમ એમાં બહુ માહિર હતી. ૧૧ મી અને ૧૨ મી સદીનો સુવર્ણકાળ હતો. ચૌલ રાજાઓના સમયમાં તે ખૂબ બળવાન બનેલી. અંગ્રેજોએ નાયરો ઉપર તલવાર રાખવા ઉપર પ્રતિબંધ મૂકીને પછી આ માર્શલ આર્ટ ઉપર સમૂળગો પ્રતિબંધ મૂકી દીધો. આમાં યુવાન સ્ત્રીઓ ને પણ કાબેલ બનાવવામાં આવતી હતી. અંગ્રેજોએ પ્રતિબંધ મુકેલો, પરંતુ ગુપ્ત રીતે તેને જાળવી રાખવામાં આવેલી છે. જેમાં તલવારબાજીના કરતબો પણ છે. થાંગડા મણીપુરી માર્શલ આર્ટમાં પણ તલવારબાજી છે. જેને સ્વોર્ડ ડાન્સ તરીકે પણ ઓળખાય છે.

## બ્રાઝિલિયન જુજુ ત્સુ

બ્રાઝિલિયન જુજુ ત્સુ જાપાનની ૧૯મી સદીમાં કોડોકન (KODOKAN) જૂડો નામની માર્શલ આર્ટમાંથી


**શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**

**(મૂડેતી - અમદાવાદ)**


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જવ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

જે જાપાનની ઘણી સ્કૂલોમાં વિકસેલી તે જે બ્રાઝિલિયન જુજુ ત્સુ તરીકે ૨૦મી સદીની શરૂઆતમાં ઉદ્‌ભવી છે. બ્રાઝિલિયન જુજુ ત્સુમાં સ્વબચાવ, ગ્રેપલિંગ અને ગ્રાઉન્ડ ફાઈટિંગ પર ધ્યાન આપવામાં આવે છે. આ માર્શલ આર્ટમાં જોઈન્ટ લોક અને ચોક હોલ્ડની ટેકનિકથી ઠીંગણો અને નબળો હરીફ પણ ઊંચા અને મજબૂત હરીફને હરાવી શકે છે. બ્રાઝિલિયન જુજુ ત્સુ સ્પોર્ટ ગ્રેપ્લિંગ ટુર્નામેન્ટ અને મિક્સ માર્શલ આર્ટ કોમ્પિટીશનમાં ઉપયોગમાં લેવાય છે.

## અમેરિકા

અમેરિકામાં મિક્સ માર્શલ આર્ટનું ચલણ વધ્યું છે. ૧૫ વર્ષ જૂની UFC (Ultimate Fiting Championship) જે પ્રખ્યાત WWE થી પણ વધુ પ્રચલિત છે. વરસે તેની ઘણી કોમ્પિટીશન યોજાય છે. મિક્સ માર્શલ આર્ટ એ એક નવો જ માર્શલ આર્ટનો પ્રકાર છે અને ખૂબ જ લોકપ્રિય છે. લોકોનાં મનમાં સવાલ થાય કે નવી મિક્સ માર્શલ આર્ટ એટલે શું ? તેનો જન્મ શું કામ ? આ માર્શલ આર્ટમાં અલગ અલગ માર્શલ આર્ટના જાણકાર વચ્ચે કોમ્પિટીશન થાય તેમાં ત્રણ મિનિટના એવા ત્રણ રાઉન્ડ હોય અને એમાં તમે જે માર્શલ આર્ટના જાણકાર હોવ તેનો ઉપયોગ કરીને સામેના હરીફને હરાવવાનો ઉદ્દેશ હોય છે.

જૂડો કોમ્પિટીશનમાં ગમે તેમ કરીને સામેની વ્યક્તિને પછાડવાનો હોય એટલે તેમાં પોઈન્ટ સિસ્ટમ હોય છે. તેમાં તમે હરીફને કેટલી વખત પછાડયો (સબમિશન ટેપઆઉટ) તેના આધારે વિજય મેળવાય છે. કરાટે કોમ્પિટીશનમાં હોલ્ડિંગ-ચોકિંગનો ઉપયોગમાં લેવાય અને તેમાં પંચ અને કીકીંગના નોક આઉટથી કોમ્પિટીશન જીતી શકાય છે. જ્યારે મિક્સ માર્શલ આર્ટ કોમ્પિટીશનમાં વિપરિત નિયમો છે. તેમાં સબમિશન, હોલ્ડીંગ, પંચ-કીક સાથે ગ્રેપલિંગનો ઉપયોગ કરી શકાય. ટૂંકમાં તમે જાણતા હોય તે માર્શલ આર્ટનો ઉપયોગ કરી શકાય છે. બીજું બંને પ્રતિસ્પર્ધી એક સરખી માર્શલ આર્ટ જાણતા હોય તો પણ જરૂરી નથી કે એક જ માર્શલ આર્ટનો ઉપયોગ કરવો બીજી કોઈપણ માર્શલ આર્ટનો ઉપયોગ કરીને પણ હરીફને હરાવી શકાય છે. માત્ર ગમે તેમ કરીને હરાવવાનો જ ઉદ્દેશ હોય છે.

❋❋❋



# શ્રીનાથજીબાવાની આરતીની ખાસ જાણકારી

✍ તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

આરતી..........આરતી....... આરતી

પ્રત્યક્ષ પરબ્રહ્મ શ્રીનાથજીબાનાની સેવાના પરિ પ્રેક્ષ્યમાં એક પ્રસંગ.....

એક વખત બાદશાહ અકબરે વલ્લભાચાર્ય શ્રી મહાપ્રભુજીને બૂમ પાડી કહ્યું, 'અરે, પ્રભુજી દેખો દેખો તુમરો લલ્લન તો લાલ લાલ લગતો હે, વો તો શામલો હૈ! કૈસે લાલ ભયો ? ત્યારે મહાપ્રભુજીએ શ્રીનાથજીબાવાના હાથ પર પોતાનો હાથ પસવાર્યો તો મૂર્તિ ગરમ ગરમ લાગી. એમના મોંઢામાંથી શબ્દો સરી પડયા,'અરે મેરે લલ્લન, તેરે કો તો નજર લગ્યો હૈ, મેરેકો તેરો નજર ઊતારનો પડેગો.' આ સત્ય ઘટનામાં ક્યાંય અતિશયોક્તિ નથી.



મહાપ્રભુજી ત્યાર પછી હાથમાં ચાર દિવેટ પ્રગટાવી સાથે એક દોરો રાખી શ્રીનાથજીબાવાના સમગ્ર સ્વરૂપને ઉપરથી નીચે તરફ આરતીની જેમ ચાર વખત ઊતારતા, આ રીતે નજર દીવામાં બળી જાય, પછી હાથમાં રાખેલો દોરો શ્રીનાથજીબાવાના કાંડા પર અને ભૂજા પર બાંધી દેતા. જેથી ગમે તેટલા ભક્તો તેમના દર્શન કરે, તેમને ધારી ધારીને નિરખે, નેત્રોમાં નજર માંડી ભાવ વિભોર થઈ જાય, તો પણ શ્રીજીને ભક્તોની મીઠી નજર ના લાગે.

પુષ્ટિમાર્ગી વૈષ્ણવોને એ ખબર હશે કે શ્રીનાથજીમાં આરતી ઊતાર્યા પછી 'આશકા' નથી લેવાતી કારણ કે એ આરતી નહીં પણ શ્રીનાથજીની ઊતારેલી નજર છે. 'આશકા' એટલે આરતી ઊતાર્યા પછી થાળી કે આરતીમાં દર્શનાર્થીઓ પૈસા મૂકી દીવા પર હાથ ફેરવી માથે અને આંખે લગાડે એને 'આશકા' કહેવાય.

દીપ પ્રાગટયની વિધી શાસ્ત્રોમાં છે. કયા ખૂણામાં, કેવી દિવેટ રાખવી, કઈ દિશામાં રાખવી વગેરે છે, આરતીની વિધી ક્યાંય નથી. અત્યારે જે આરતી કહેવાય છે એ તો શ્રી મહાપ્રભુજી દ્વારા શરૂ કરાયેલી નજર ઊતારવાની વિધી કે પ્રક્રિયા હતી, અને તેઓ મુખાર્વિંદ, નાભી, ચરણ કમળ અને સમગ્ર સ્વરૂપના ચાર આંટા જ ફેરવતા હતા.

આ વિધીએ આરતીનું સ્વરૂપ લીધું એમાં ચાર આંટા દેવના મુખાર્વિંદ ઉપર ફેરવાય, એક નાભિ ઉપર, ત્રણ આંટા ચરણ કમળ ઉપર અને સાત આંટા મસ્તકથી લઈ ચરણ કમળ ઉપર ઊતારવાના, આમ ૪ + ૧ +૩ +૭ = ૧૫ આંટા ફેરવાય પછી એ નજર ઊતારેલી આરતી કે થાળી બાજુમાં મૂકી દેવાય. આ રીતે નજર ઊતારવાની પ્રક્રિયાએ ધીમે ધીમે આરતીનું સ્વરૂપ લઈ લીધું.

વૈષ્ણવોની જાણ માટે, કે આ નજર કે આરતી એટલી ધીમી ગતિથી ઊતારવાની હોય છે કે વધારે પડતી ગતિના કારણે શ્રીનાથજીબાવા કે કોઈપણ દેવીની આંખ ખેંચાય નહીં. 'શ્રીનાથજી તો પ્રત્યક્ષ પરબ્રહ્મ' છે પરંતુ જે દેવી કે દેવતાની પ્રાણ પ્રતિષ્ઠા થયેલી હોય તેમની જ આરતી ઊતારવાની હોય છે.

શ્રીનાથજીબાવા નાથદ્વારામાં વિ.સં. ૧૭૨૮ થી બિરાજે છે. જેમની સેવા શ્રી મહાપ્રભુજી જે રીતે કરતા તે જ રીતે અને તે સમય પ્રમાણે, આજે પણ થાય છે. જેમ કે....

મંગળા આરતી સવારે ૫ કલાકે. જેમાં શ્રીનાથજીબાવાએ કટિ વસ્ત્ર જ પહેર્યું હોય છે. મંગળા સમયે સો પાનનું એક બીડું થાય એવું મોટું બીડુ જેમાં બરાસનો સ્પેશ્યલ મુખવાસ, કેસર, ઈલાયચી, કસ્તુરી, સુવર્ણ વરખ વગેરે નાખીને બનાવે છે. ઉપરાંત શિયાળાની ઠંડીમાં રોજ સૌભાગ્ય સૂંઠ પણ ધરાવવામાં આવે છે.

૭ થી ૭.૩૦ શણગારનો સમય છે. આમાં જે વાઘા પહેરાવાય છે તે એક જ વખત માટે પહેરાવે છે, તે રિપીટ થતા નથી. શ્રીનાથજીના નેત્રોના અંજન માટે સોનાની ઘંટીમાં મોતી, બરાસ વગેરે દળી સૂરમો બનાવે તેનું સોનાની સળીથી અંજન થાય છે. આ મોતી જયપુરના મહારાજ તરફથી જ આવે છે. ઉપરાંત ધનકોષમાંથી શ્રીનાથજીના અલંકારો કાઢે તેની રજીસ્ટરમાં નોંધ થાય, પછી જ પહેરાવાય છે. આ અલંકારો સાંજે ૪ વાગે ધનકોષમાં પાછા મૂકાય તેની પણ એન્ટ્રી થાય છે.

સવારે ૯ થી ૯.૩૦ ગ્વાલના દર્શન, જેમાં શ્રીનાથજી એમના ગોપબાળ સાથે રમવા જાય છે તેનો મહિમા છે.

૧૧ થી ૧૨ રાજભોગ દર્શન જેમાં બત્રીસ જાતના તેજાનાની વાનગી, મિશ્રીના લાડુ, દૂધ, સાકર, મેવો વગેરે ૫૬ પ્રકારના પકવાન ધરાવાય છે. આ ભોગમાં જે કસ્તુરી ધરાવાય છે તે આજે પણ જયપુરના મહારાજા તરફથી આવે છે.

શ્રીનાથજીબાવા અને એકલીંગજી મહારાજ બંને એક જ થાળ અને સાથે જ જમે છે. શ્રીનાથજીમાં રાજભોગ સમયે એકલીંગજી મહારાજ પધારીયો એમ ત્રણ વખત આહ્‌વાન કરાય છે, એ જ રીતે એકલીંગજીમાં શ્રીનાથજીબાવા પધારીયે એવું મોટેથી બોલીને ત્રણ વખત આહ્‌વાન કરાય છે.

એકલીંગજી મહારાજ એ મહાદેવનું સ્વરૂપ છે. જેમની પૂજા વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે જ કરવામાં આવે છે. જેમ શ્રીનાથજીમાં ૫ વખત પૂજા છે, જે પૂજા માટેનું પાણી પરિસરના કૂવાનું ઉપયોગમાં લેવાય છે એ જ રીતે એકલીંગજીમાં પણ ૫ વખત જે અભિષેક કરાય તે માટે મહાદેવના પરિસરમાં જે વાવ છે તેના જ પાણીનો ઉપયોગ થાય છે. ઉદયપુરના મહારાજ આ મહાદેવની પૂજા દર સોમવારે ૧૦ થી ૧૨ વાગે કરે છે, તે સમયે બીજા કોઈને દર્શન માટે રજા નથી.

બપોરે ૩ થી ૩.૩૦ વાગે છેલ્લી શયન આરતી થાય છે. શ્રીનાથજીબાવાએ મેવાડ ઘરાનાની દીકરી સાથે શરત કર્યા મુજબ સાંજના ૪ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી શ્રીનાથજીબાવા વૃંદાવનના જતીપુરામાં રાત્રી રોકાણ કરે છે.

શ્રી ગિરીરાજ ધરણ કી જય

શ્રી વલ્લભાધાશકી જય

શ્રી ગુંસાઈજી પરમ દયાલકી જય

જૈ જૈ શ્રી ગોકુલેશ....

❀ ❀ ❀


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જુલાઈ ૨૦૨૩ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફિજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૬૩૫૩ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૩૫૦ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૪૦૬૨ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૭, માયનોર ઓપરેશન ૨૨, ગાયનેકના મેજર ૩૯ ઓપરેશન પૈકી ૦૯ કુટુંબ કલ્યાણનાં તથા ૦૫ માયનોર ઓપરેશન તથા ઈ.એન.ટી. માયનોર ૨૩ અને મેજર ૦૧ ઓપરેશન તેમજ આંખના મેજર ઓપરેશન ૧૧૯ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૭૦૨૬૭૬/- તેમજ ઈનડોરમાં રૂા. ૪૬૫૩૫/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૩૫૬૩૦/-ની માફી મળીને કુલ રૂા. ૭૮૪૮૪૧/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૨૧.૦૭.૨૦૨૩ ના રોજ ૫૦ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ :** તા. ૦૬.૦૭.૨૦૨૩ ના રોજ ૪૪ દર્દીઓના તથા તા. ૨૦.૦૭.૨૦૨૩ ના રોજ ૩૬ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે જુલાઈ૨૦૨૩ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી યુરોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીનાં મળી કુલ ૨૦૨૪ દર્દીઓએ તથા ઈનડોર માં ૧૧૪ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૧૪ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૦૨૬ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૬૦ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ ૧૯૮ ઈ.સી. જી. કાઢવામાં આવેલ છે. તેમજ રૂા. ૫૬૬૬/- ની દવા માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૨૦ દર્દીઓએ લાભ લીધેલ છે.

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન/વચન**

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતી નિશા જયેશ શાહ (નર્સિંગ કોલેજ માટે) | રૂા. ૩૦,૦૦,૦૦૦/- |
| (૨) | શ્રીમતી ચંદ્રિકાબેન મહેશભાઈ કડકિઆ (બનડા) | રૂા. ૨૫,૦૦,૦૦૦/- |
| (૩) | શ્રી પ્રતીકકુમાર કીર્તનલાલ કડકિઆ | રૂા. ૧૧,૦૦૧/- |

જ્યોતિપુંજના માહે નવેમ્બર - ૨૦૨૨ ના અંકમાં નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી. સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી. **કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**ખાસ નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના રહેઠાણના સરનામાં તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા ઈમેલ આઈડી ઉપર તથા બે હોદ્દેદારોના મોબાઈલ નંબર ઉપર જાણ કરવા વિનંતી. Email : nitinkmg@gmail.com

શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭ અને શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) ૯૮૨૧૦૨૪૩૯૯

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

# બાલાસિનોર વિદ્યા મંડળ

## ૫૬મી સામાન્ય સભાની કાર્યવાહી

બાલાસિનોર વિદ્યામંડળની ૫૬મી વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ શ્રી મણીકાન્તભાઈ સી. કડકીઆના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વાર્ષિક કામો મંજુર કરવામાં આવ્યા હતા. મુંબઈથી નવ હોદ્દેદારો તથા કારોબારી સદસ્યોએ હાજરી આપી હતી.

કૉલેજના ૫૪ વર્ષ જૂના મકાનનું નિરીક્ષણ શ્રી હેતલભાઈ સુરેન્દ્રભાઈ દેસાઈ (સિવિલ એન્જીનીયર) એ કર્યું હતું. જે નિરીક્ષણ કરતા તેઓએ જૂના બિલ્ડીંગના રીનોવેશન અંગે સૂચનો આપ્યા હતા. જેવા કે કૉલેજ લૉબીમાં રેલીંગ કરાવવી, વરસાદથી ભરાતા પાણીનો યોગ્ય નિકાલ, ઓડીટોરીયમ હૉલનું રીનોવેશન તથા લાયબ્રેરી અને નવા બિલ્ડીંગની છત પર અત્યંત આધુનિક વોટર પ્રુફીંગ અને તેના ખર્ચનો અંદાજ રૂા. ૨૦,૦૦,૦૦૦/- (અંકે વીસ લાખ પૂરા) નો આપ્યો હતો. જે કામગીરી કરવાની સત્તા શ્રી હેતલભાઈ સુરેન્દ્રભાઈ દેસાઈ (સિવીલ એન્જીનીયર) ને આપવામાં આવી હતી.

શ્રી રાજેશભાઈ કિરીટભાઈ મોદી અને શ્રી નિલેશભાઈ પ્રકાશભાઈ કચેરીઆ દ્વારા કૉલેજની ઈલેક્ટ્રિક ઓડીટ, ઈલેક્ટ્રિક વાયરીંગ તથા ઝાડી-ઝાંખરા અને કચરાનો ઉપયોગ કરી કંપોસ્ટ ખાતર માટે હૉજ બનાવવા વગેરે કામગીરીનું માર્ગદર્શન આપ્યું હતુ, અને તે અંગેની કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી હતી. પ્રમુખ શ્રી મણીકાન્ત સી. કડકીઆએ ત્રણ નવા કારોબારી સમિતીમાં આવેલ સભ્યોશ્રીઓ શ્રી હેતલભાઈ સુરેન્દ્રભાઈ દેસાઈ (સિવિલ એન્જીનીયર), શ્રી રાજેશભાઈ કિરીટભાઈ મોદી અને શ્રી ઉર્મિલભાઈ નવીનચંદ્ર કડકીઆ અને બાલાસિનોરથી શ્રી હિતેન્દ્રભાઈ દેવદત્તભાઈ ત્રિવેદી તથા શ્રી આશિષભાઈ રમેશચંદ્ર ત્રિવેદીને આવકાર્યા હતા અને સંસ્થાની ધુરા સંભાળની ચર્ચાઓ કરી હતી.


પ્રમુખ શ્રી મણીકાન્ત સી. કડકીઆએ સભાનું કામકાજ પૂર્ણ થતા હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા બરખાસ્ત કરી હતી.


**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી.**

**સુધારો :** ગત અંકમાં પ્રકીર્ણ વિભાગના નવા સરનામાં કોલમમાં બિંજલ કાપડીયા ને જગ્યાએ પરમ કાપડીયા વાંચવું.


**(ટ્રિકી - એરો ગેઈમના જવાબ) પાના નંબર ૩૩ ના જવાબ**

૧. (A) સર્વમંગલા (B) બાલાસિનોર (C) મોટું મંદિર

૨.



૩.



૪. ત્રણ અક્ષરનો શબ્દ, તેના એરો




**અથવા** ગરબા, મોસમ, સલાયા, ફરસ, રસિયા, સર્વશ્રી, બાઠિયા

**પ્રકીર્ણ વિભાગ**

## તેજસ્વી તારલા

- **Dr. Meet Atul Kadakia** has passed fellowship In Haematology and Medical Oncology from University of Florida.
- **Dr. (Mrs.) Nidhi Meet Kadakia** has passed MDS in Orthodontics from Jacksonville University of Florida.

**ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને સંસ્થાવતી હાર્દિક અભિનંદન**

## મૃત્યુ નોંધ

| | ઉ.વ. |
|---|---|
| ઈન્દુમતી નવનીતલાલ પરીખ (સરકાર) | ૮૮ |
| અરવિંદભાઈ મણીલાલ પરીખ | ૭૯ |
| વ્રજબાલા હરિવદન ધારિઆ | ૮૪ |
| યોગેશચંદ્ર મણીલાલ કચેરીઆ (ઠાસરાવાળા) | ૭૯ |
| નરેશ ચીમનલાલ ધારીઆ (ધરીઆબાપજી) | ૮૩ |
| ભારતીબેન અજીતભાઈ ચાંદીવાળા | ૮૦ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

AMRISH KACHARIA +91 9769025153

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.